RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 211, Dt.23-11-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મહારાષ્ટ્રમાં ફરી મહાયુતિ તો ઝારખંડમાં INDIAનું શાસન

**ભાજપ નેતૃત્વના મોરચાએ મહારાષ્ટ્રમાં ૨૧૪ બેઠકો પર સરસાઈ સ્થાપી : મહાવિકાસ અઘાડી ૭૦ બેઠકો પર આગળઃ લાડલી બહેના અને હિન્દુત્વનું કાર્ડ ભાજપ માટે હુકમનુ પતુ પુરવાર થયુઃ ઝારખંડમાં ૮૧ બેઠકોમાં પ્રારંભીક રસાકસી બાદ ઝારખંડ મુક્તિ મોરચાના નેતૃત્વમાં ઈન્ડિયા ગઠબંધને ૫૦થી વધુ બેઠકો પર સરસાઈ : હેમંત સોરેનનો જાદુ ચાલ્યોઃ ભાજપ ૨૮ બેઠકો પર આગળ**

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ૨૦૨૪ની અંતિમ પણ નિર્ણાયક ચુંટણીમાં મહારાષ્ટ્ર તથા ઝારખંડની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ નેતૃત્વના મહાયુતી મોરચાએ મહારાષ્ટ્રમાં પ્રચંડ વિજય ભણી દૌટ મુકી છે. જયારે ઝારખંડમાં ભાજપ નેતૃત્વના એન.ડી.એ. તથા ઝારખંડ મુકતી મોરચાના નેતૃત્વના ઈન્ડીયા ગઠબંધન વચ્ચે પ્રારંભીક કસોકસની સ્થિતિ બાદ ઝારખંડ મુક્તિ મોરચાના નેતૃત્વના ઈન્ડિયા ગઠબંધને નિર્ણાયક લીડ મેળવી લીધી છે અને ૫૦ થી વધુ બેઠકો પર તે આગળ છે.

જયારે ભાજપ નેતૃત્વના એનડીએને ૨૮ બેઠકો પર સરસાઈ મળી છે. આમ મુખ્યમંત્રી હેમંત સોરેનનું વિકટ્રીમ કાર્ડ અને તેનો જાદુ ચાલ્યો છે. પેટાચૂંટણીમાં પણ ભાજપ તેમના શાસનના રાજયોમાં સરસાઈ બનાવી રહ્યા છે તો સૌથી મહત્વનું વાયનાડમાં કોંગ્રેસના મહામંત્રી તથા ગાંધી કુટુંબના વરિષ્ઠ સભ્ય પ્રિયંકા ગાંધી ચુંટણી જીતી જશે તેવી પ્રાથમીક સરસાઈ મેળવી લીધી છે.

સમગ્ર દેશનું ધ્યાન ખેચનાર મહારાષ્ટ્રની ધારાસભા ચુંટણીમાં ૨૮૮ બેઠકો પર તા.૨૦ના થયેલા મતદાન બાદ આજે સવારથી મતગણતરી શરૂ થઈ હતી જેમાં પ્રારંભમાં જ ભાજપ નેતૃત્વની મહાયુતીએ સરસાઈ સ્થાપીને બહુમતી માટે જરૂરી ૧૪૫ બેઠકો કરતા પણ વધુ આ લખાય છે તે સમયે ૨૧૪ બેઠકો પર સરસાઈ સાથે ફરી મહાયુતીનું શાસન નિશ્ચિત કરી દીધુ છે.

તો કોંગ્રેસ શિવસેના (ઉદ્ધવ ઠાકરે) તથા એનસીપી (અજીત પવાર)ના મહાવિકાસ અઘાડીને ફકત ૭૦ બેઠકો પર સરસાઈ છે. આમ મહારાષ્ટ્રમાં હવે મહાયુતીનું શાસન નિશ્ચિત કરી દીધુ છે અને ભાજપની લાડલી બહેના યોજના અને હિન્દુત્વની નીતિ સફળ રહી હોય તેવા સંકેત છે તો આ રાજયમાં મુખ્યમંત્રી એકનાથ શિંદે નાયબ મુખ્યમંત્રી અજીત પવાર અને શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથના આદીત્ય ઠાકરે આગળ છે.

અજીત પવાર તેનાજ ભત્રીજા યુગેન્દ્ર પવાર પર મજબૂત સરસાઈ મેળવીને આગળ છે. ઝારખંડમાં કસોકસની લડાઈ હોવાના સંકેત બાદ ૮૧ સભ્યોની વિધાનસભામાં શાસક ઈન્ડીયા ગઠબંધન અને ભાજપ નેતૃત્વના મોરચા વચ્ચે સતત સરસાઈનો ઉલટફેર થતો જોવા મળી રહ્યો હતો અને બન્ને મોરચા ૩૮-૩૯ બેઠકો આસપાસ સરસાઈથી જબરી લડત આપી રહ્યા હતા.

પરંતુ બાદમાં બાજી પલ્ટાઈ ગઈ છે અને ઝારખંડ મુક્તિ મોરચાના નેતૃત્વના ઈન્ડિયા ગઠબંધને નિર્ણાયક સરસાઈ સાથે ૫૨ બેઠકો પર લીડ મેળવી છે અને ફરી એક વખત રાજયમાં સતા માટે આગળ વધી રહી છે. બીજી તરફ ભાજપ નેતૃત્વના એનડીએ ગઠબંધનને ૨૮ બેઠકો પર સરસાઈ છે. આમ વિપક્ષો એક રાજય બચાવી શકે તેવા સંકેત



છે.મુખ્યમંત્રી હેમંત સોરેન અને તેના પત્ની કલ્પના સોરેન બંને આગળ છે. જયારે ૩ અપક્ષો જેઓ હાલ સરસાઈ ભોગવે છે લોકસભા ચુંટણીમાં ભાજપને જે રીતે મહારાષ્ટ્રમાં ભારે પીછેહઠ નો સામનો કરવો પડયો હતો તે બાદ પક્ષે હરિયાણા બાદ આ રાજયમાં પણ તેની ખોવાયેલી ભૂમિ હવે તા.૨૬ના રોજ જ વિધાનસભાની મુદત પુરી થતી હોય આગામી બે દિવસમાં જ નવી સરકારની શપથવિધિ યોજાશે તે નિશ્ચિત છે. જયારે ઝારખંડમાં ફરી સોરેન સરકાર આવશે તે નિશ્ચિત બની રહ્યું છે.

## વાવ બેઠક પર ગેનીબેનનો દબદબો ૧૨ રાઉન્ડને અંતે કોંગ્રેસ આગળ

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

મહારાષ્ટ્ર અને ઝારખંડ સાથે દેશમાં યોજાયેલી લોકસભા અને ધારાસભાની પેટાચૂંટણીમાં ગુજરાતમાં વાવ ધારાસભા બેઠક પર યોજાયેલી ચુંટણીમાં પાંચ રાઉન્ડ પછી કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત ૨૬૨૧ મતે આગળ છે.



આમ વાવની બેઠક પર ભાજપને લોકસભામાં પરાજીત કરનાર ગેનીબેન ઠાકોરનો મત દેખાઈ રહ્યો છે. જયારે ભાજપ છોડીને અપક્ષ તરીકે ચુંટણી લડી રહેલા માવજીભાઈ પટેલ ભાજપ માટે વોટ કટર સાબીત થઈ રહ્યા છે.

પાંચમા રાઉન્ડના અંતે કોંગ્રેસને ૨૨૨૯૮, ભાજપને ૧૯૬૭૭ અને અપક્ષ માવજીભાઈને ૭૫૧૮ મત મળ્યા છે. પ્રથમ રાઉન્ડથી જ કોંગ્રેસે લીડ બનાવી લીધી હતી અને કોંગ્રેસના ઉમેદવાર રાજપૂતે દાવો કર્યો કે છેલ્લા રાઉન્ડ સુધી અમારી લીડ બની રહેશે.

ભાજપ માટે આ ચુંટણી વિધાનસભામાં સંખ્યાની દ્રષ્ટિએ મહત્વની ન હતી પણ જે રીતે ભાજપે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો તેથી ગેનીબેન ઠાકોર ફરી એક વખત નડી જશે તે નિશ્ચિત છે.

## મહારાષ્ટ્રમાં બટેંગે તો કટેંગે નારાની જોરદાર અસરઃ વધશે યોગીનું રાજકીય કદ

**મુખ્ય સમાચાર,મુંબઈ**



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના વલણોમાં ભાજપના નેતળત્વમાં મહાયુતિ ગઠબંધનને મોટી બહુમતી મળતી દેખાઈ રહી છે. તે જ સમયે, કોંગ્રેસ, ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારનું મહાવિકાસ આઘાડી ગઠબંધન ઘણું પાછળ છે. સ્થિતિ એવી છે કે વલણો ભાજપ અને તેના સહયોગીઓની લહેર દર્શાવે છે, જ્યારે શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે અને કોંગ્રેસ માટે નિરાશા છે. આવી સ્થિતિમાં રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે કદાચ યુપીના સીએમ યોગી આદિત્યનાથના નબટેંગે તો કટંગેથ ના નારાની અસર રાજ્યમાં જોવા મળી છે. સીએમ યોગીએ ઘણી રેલીઓમાં આ નારા લગાવ્યા હતા અને તેની ખૂબ ચર્ચા થઈ હતી. એવું માનવામાં આવે છે કે આ સ્લોગનની અસર થઈ છે અને ઘણું ધ્રુવીકરણ જોવા મળ્યું છે. આ સ્લોગનની અસર એવી હતી કે ભલે અલગ સ્વરમાં પીએમ મોદીએ પણ કહયું કે એક સુરક્ષિત છે, જે એક રીતે આ સ્લોગનનું વિસ્તરણ હતું. અત્યાર સુધીના ટ્રેન્ડમાં વિદર્ભ સિવાય મુંબઈ અને પશ્ચિમ મહારાષ્ટ્ર જેવા વિસ્તારોમાં ભાજપને લીડ મળી છે. આ તેના માટે રાહતની વાત છે. ખાસ કરીને જ્યારે તમામ એક્ઝિટ પોલ ચુસ્ત લડાઈની વાત કરી રહ્યા હતા. એટલું જ નહીં ૪ જૂને જ યોજાયેલી લોકસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપને જોરદાર ફટકો પડયો હતો. એવું માનવામાં આવતું હતું કે જો જનતાનો આવો જ ઝુકાવ રહેશે તો મહાવિકાસ આઘાડીને મોટી જીત મળી શકે છે.હવે તમામ અટકળો ખોટી સાબિત થઈ રહી છે અને ભાજપ અને તેના સાથી પક્ષોને મોટી સફળતા મળી છે. વાસ્તવમાં લોકસભા ચૂંટણીમાં મહાવિકાસ અઘાડીના પક્ષોએ અનામત છીનવી અને બંધારણ બદલવાનો પ્રચાર કર્યો હતો. એવું માનવામાં આવતું હતું કે આ કારણે તેમને ચૂંટણીમાં ફાયદો થયો હતો. આ વખતે મહાયુતિએ અગાઉથી આયોજન કર્યું હતું. ઓબીસી યાદીમાં ઘણી જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સિવાય ટિકિટ વિતરણમાં પણ તેમનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. આટલું જ નહીં, ચૂંટણીના થોડા મહિના પહેલા જાહેર કરવામાં આવેલી લાડકી બહેન યોજનાની અસર પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે. ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે પહેલા જ કહ્યુ હતુ કે રાજ્યમાં વધેલા વોટ અમારા પક્ષમાં છે. તેમણે કહયું કે ઈતિહાસ બતાવે છે કે જ્યારે પણ વોટ ટકાવારી વધી છે ત્યારે અમને ફાયદો થયો છે. ફડણવીસે કહયું હતુ કે લોકોને ગર્લ સિસ્ટમ સ્કીમ પસંદ આવી છે અને લોકો તેના સમર્થનમાં બહાર આવી રહયા છે. આ વખતે યોગી આદિત્યનાથ મહારાષ્ટ્રમાં ખૂબ જ સક્રિય હતા. તેમણે એવા વિસ્તારોમાં ઘણી બેઠકો કરી હતી જ્યાં યુપી અને બિહારના લોકો મોટી સંખ્યામાં રહે છે.

## સમગ વ્રજભૂમિને તીર્થસ્થળ જાહેર કરીને માંસ – મદિરા પર પ્રતિબંધ મૂકો : ધર્મ સંસદમાં ઠરાવ

**મુખ્ય સમાચાર,મથુરા**

યુપીના મથુરાના વૃંદાવનમાં ધર્મ સંસદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ પ્રસ્તાવ મૂકવામાં આવ્યા હતા. ધર્મ સંસદમાં સંતોએ સરકાર પાસે તેમની ઘણી માંગણીઓ લાગુ કરવાની માંગ કરી છે. ધર્મસંસદમાં કૃષ્ણ જન્મભૂમિ સંકુલમાંથી શાહી ઈદગાહ અને મીના મસ્જિદને હટાવવાની માંગ કરવામાં આવી હતી. આ સિવાય લવ-જેહાદ વિરૂધ્ધ ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો છે.



ધર્મ સંસદમાં શ્રી કૃષ્ણ સાધક ટ્રસ્ટના સભાગૃહમાં આયોજિત બેઠકમાં અખિલ ભારતીય બ્રાહ્મણ મહાસભાના ઉપાધ્યક્ષ બિહારી લાલ વશિષ્ઠે ઉત્તર પ્રદેશ સરકાર પાસે સમગ્ર વ્રજમંડળને તીર્થસ્થળ તરીકે જાહેર કરવાની માંગ કરી હતી.

આ સાથે સમગ્ર વ્રજમાં ઈંડા, માંસ, દારૂ વગેરેના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત કરવામાં આવી હતી. ધર્મ સંસદની અધ્યક્ષતા કરી રહેલા દ્વારાચાર્ય બલરામ દાસે દેશી ગાયને રાષ્ટ્ર માતા જાહેર કરવાની માંગ કરી હતી. તેમણે કહ્યુ કે જે રીતે મહારાષ્ટ્રે ગાયને રાજ્યની માતા જાહેર કરી છે તેવી જ રીતે ઉત્તર પ્રદેશની સરકારે પણ દેશી ગાયને સમાન દરજ્જો આપવો જોઈએ.

ધર્મ સંસદમાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ ન્યાસના પ્રમુખ દિનેશ શર્માએ કહ્યુ કે ધર્મ સંસદમાં પસાર કરાયેલા પ્રસ્તાવોને રાજ્ય અને કેન્દ્ર સરકારોને મોકલવામાં આવશે. સરકારોને આ દરખાસ્તોને જલ્દી પૂર્ણ કરવાની માંગ કરવામાં આવશે.

ધર્મ સંસદમાં, સંત સ્વામી રમેશાનંદ ગિરીએ કેન્દ્ર સરકારને રાષ્ટ્રીય રજિસ્ટર ઑફ સિટિઝન્સ, સમાન શિક્ષણ, વસ્તી નિયંત્રણ, લવ-જેહાદ નિયંત્રણ વગેરે જેવા કાયદા તાત્કાલિક અસરથી લાગુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ સાથે જગનદાસ રાઠોડે તાત્કાલિક નમાઝ બંધ કરવા અને શાહી ઈદગાહનો સર્વે વહેલી તકે કરાવવાની માંગ કરી હતી.

## સરકારના વિવિધ ૨૭ વિભાગોમાં દિવ્યાંગોની અનામત કુલ ૨૧,૧૧૪ જગ્યાઓ ખાલી, બે વર્ષમાં ભરતી કરવા હાઈકોર્ટનો આદેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સરકારી અને અર્ધ સરકારી કચેરીઓમાં દિવ્યાંગો માટે ચાર ટકા અનામતની જોગવાઈની દાદ માંગતી પીઆઈએલમાં આજે હાઈકોર્ટે રાજ્ય સરકારને બને તેટલી ઝડપથી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવાનો આદેશ કરાયો હતો.

શુક્રવારે હાથ ધરવામાં આવેલી સુનાવણી દરમ્યાન રાજય સરકાર તરફથી રજૂઆત કરાઈ હતી કે, સરકારના વિવિધ ૨૭ વિભાગોમાં દિવ્યાંગોની અનામત કુલ ૨૧,૧૧૪ જગ્યાઓ ખાલી છે. સરકારે બે વર્ષમાં આ ભરતી પૂર્ણ કરવાની બાંહેધરી સાથે અદાલત પાસે સમય માંગ્યો હતો. હાઈકોર્ટે શક્ય એટલી ઝડપથી દિવ્યાંગોની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા તાકીદ કરી કેસનો નિકાલ કર્યો હતો.

પીઆઈએલમાં રજૂઆત કરાઈ હતી કે, રાઈટ ટુ પર્સન વીથ ડિસએબિલીટી એક્ટ-૨૦૧૬ અને સુપ્રીમકોર્ટના સંબંધિત નિર્દેશો મુજબ, સરકારના જુદા જુદા વિભાગો, સ્થાનિક સત્તાવાળાઓ, સરકારના ઉપક્રમની કચેરીઓમાં દિવ્યાંગ લોકો માટે ચાર ટકા અનામતની સ્પષ્ટ જોગવાઈ છે.

જેમાં બ્લાઈન્ડ અને લો વિઝન, સાંભળવામાં મુશ્કેલી હોય, લોકોમેટીવ ડિસએબિલીટી, સેલીબર પાલ્સી જેવી કેટેગરીમાં અનામત રાખવાની જોગવાઈ છે. પરંતુ સરકાર દ્વારા આ કાયદાકીય જોગવાઈઓ કે સુપ્રીમકોર્ટના નિર્દેશોનું પાલન થતુ જ નથી.

આ કેસમાં હાઈકોર્ટના નિર્દેશાનુસાર રાજય સરકારના ચીફ સેક્રેટરી તરફથી સોંગંદનામું રજૂ કરી જણાવાયું હતું કે, સરકારના જુદા જુદા ખાતાઓમાં



દિવ્યાંગજનોની ૨૧,૧૧૪ જેટલી જગ્યાઓ ખાલી છે.

જે સરકારના અનુમાન કરતાં બમણી છે. જો કે, સરકારે દિવ્યાંગજનોની આ ખાલી જગ્યાઓ ભરવા અંગે ભરતી કેલેન્ડર રજૂ કરતાં જણાવાયું કે, સરકાર દ્વારા સમગ્ર ભરતી પ્રક્રિયામાં બે વર્ષ જેટલો સમયગાળો લાગી શકે છે.

તેથી અદાલતે બે વર્ષનો સમય આપવો જોઈએ. જે ૨૧,૧૧૪ જગ્યાઓ ખાલી છે, તેમાં લો વીઝન અને પ્રજ્ઞાચક્ષુઓ માટેની ૯૨૫૧ જગ્યાઓ, સાંભળવામાં તકલીફ હોય તો, ૪૯૮૫ જગ્યાઓ, લોકોમેટીવ ડિસએબિલિટી માટેની ૧૦૮૫ જગ્યાઓ, અન્ય દિવ્યાંગતાથી પીડાતી વ્યકિતઓની પાંચ હજાર જગ્યાઆનો સમાવેશ થાય છે. સરકાર જેમ બને એમ વહેલી તકે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવાનો પ્રયાસ કરશે.

## NEET UG 2025ની પરીક્ષામાં કોઈ ગરબડી ન સર્જાય એ માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય મહત્વપૂર્ણ નિર્ણય લેશે

**હાઈ પાવર કમીટીનું હાઈબ્રીડ મૉડેલનું સૂચન – જેમાં પ્રશ્નપત્ર પરીક્ષા કેન્દ્રોમાં ડિઝીટલ સ્વરૂપે મોકલાશેઃ આ પદ્ધતિથી પેપર લીકની સંભાવના ખતમ થઈ જશે**

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા નીટ-યુજી આ વખતે કોમ્પ્યુટર બેઝડ ટેસ્ટ મોડમાં લેવાઈ શકે છે. એટલે કે જવાબો કોમ્પ્યુટર પર આપવાના રહેશે. વર્ષ ૨૦૨૪માં નીટ-યુજી એકઝામમાં ગરબડીની ફરિયાદને પગલે આ વ્યવસ્થા થઈ શકે છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે આ બારામાં સ્વાસ્થ્ય મંત્રાલય અને નેશનલ ટેસ્ટીંગ એજન્સી સાથે સીબીટી મોડને લઈને વાતચીત થઈ રહી છે કે, આ પરીક્ષાની પુરી પેટર્ન બદલી જાય. ૨૦૨૪માં નીટ-યુજી એકઝામમાં ગરબડની ફરિયાદો બાદ એક હાઈ પાવર કમીટી બનાવી હતી. કમીટીની ભલામણોના આધારે મંત્રાલયે કોમ્પીટીટીવ એકઝામમાં ફેરફારનું માળખુ તૈયાર કરવાની તૈયારી શરૂ કરી દીધી છે.

નીટ-યુજીમાં સૌથી વધુ ઉમેદવારો આવેદન કરે છે. જેના આધારે એમબીબીએસ, આયુર્વેદીક, હોમિયોપેથીક અને અન્ય કોર્સીસમાં પ્રવેશ અપાય છે. ૨૦૨૪માં ૨૪ લાખથી વધુ ઉમેદવારોએ આવેદન કર્યા હતા અને અત્યાર સુધી આ પરીક્ષા પેપર પેન એન્ડ પેપર મોડમાં જ થાય છે. મેના પહેલા સપ્તાહમાં આ થાય છે. આશા છે કે ખૂબ જ ઝડપથી નીટ પરીક્ષાની પેટર્નમાં ફેરફારના બારામાં છાત્રોને જાણકારી આપવામાં આવશે.

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના નિર્દેશ મુજબ શિક્ષણ મંત્રાલય હાઈ પાવર કમીટીની દરેક ભલામણો પર વિચાર કરી રહ્યું છે અને સંભવિત ફેરફારોનું માળખુ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. હાઈ પાવર કમીટીએ એક હાઈબ્રીડ મૉડેલનું સૂચન કર્યું હતું.

જેમાં કવેશ્ચન પેપરને પરીક્ષા કેન્દ્રો પર ડિઝીટલ રૂપમાં મોકલવામાં આવશે અને છાત્ર પોતાના જવાબ




ઓએમઆર શીટ પર આપશે. આથી પ્રશ્નપત્ર લીક થવાની સંભાવના પુરી રીતે ખતમ કરી શકાશે. નીટનું આયોજન પણ એનટીએ યુજીસી નીટની પરીક્ષા પણ સીબીટી મોડમાં કરવાનો નિર્ણય કર્યો છે અને તેના બારામાં નોટિફિકેશન પણ જાહેર કરી દેવાયુ છે.

## ૨૨ કરોડથી વધુ બેંક ખાતાઓમાં કેવાયસી અપડેટ કરવામાં આવ્યા નથી

- **આરબીઆઈએ બેંકોને વિશેષ કેવાયસી ઝુંબેશ ચલાવવાની સૂચના આપી**

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સમગ્ર દેશમાં ૨૨ કરોડથી વધુ બેંક ખાતાઓમાં કેવાયસી અપડેટ કરવામાં આવી નથી. તેમાંથી લગભગ ૧.૨૫ કરોડનાં જન-ધન ખાતા છે. નાણા મંત્રાલયે નિર્દેશ આપ્યો છે કે, તમામ બેંકોએ ખાતાધારકોને ફરીથી કેવાયસી કરવા માટે વિશેષ અભિયાન ચલાવવું જોઈએ. જો જરૂરી હોય તો, કામચલાઉ કર્મચારીઓની નિમણૂક પણ કરવી જોઈએ જેઓ ફક્ત કેવાયસી અપડેટ કરવાનાં કામ પર દેખરેખ રાખશે.




મંત્રાલય સાથે સંકળાયેલાં સૂત્રોનું કહેવું છે કે, કેવાયસી અપડેટ ન થવાને કારણે કરોડો લોકો ખાતામાંથી ટ્રાન્ઝેક્શન કરી શકતાં નથી.

ખાસ કરીને જન ધન ખાતા દ્વારા દેશનાં કરોડો લોકોને સરકાર દ્વારા ચલાવવામાં આવતી જન કલ્યાણ યોજનાઓનો સમયસર લાભ મળી રહ્યો નથી. ખાતાધારકો વૃદ્ધાવસ્થા પેન્શન અને અન્ય યોજનાઓ દ્વારા મેળવેલાં નાણાં ઉપાડી શકતાં નથી, ન તો સરકાર કેવાયસી અપડેટના કિસ્સામાં આ ખાતાઓમાં નાણાં ટ્રાન્સફર કરવામાં સક્ષમ છે.હાલમાં સમગ્ર દેશમાં ૬૧ કરોડથી વધુ ખાતા નિષ્ક્રિય છે. તેમાંથી ૨૨ કરોડથી વધુની કેવાયસી અપડેટ કરવામાં આવી નથી. મંત્રાલયનું માનવું છે કે જો કેવાયસી અપડેટ થશે તો કરોડો નિષ્ક્રિય બેંક ખાતાઓમાં વ્યવહારો શરૂ થશે. દેશમાં એવાં ઘણાં લોકો છે જેઓ નથી જાણતાં કે તેમનું બેંક એકાઉન્ટ કેમ બંધ કરવામાં આવ્યું છે. આરબીઆઈએ સૂચના આપી છે કે, બેંકોએ ત્યાં સંચાલિત ખાતાઓ સંબંધિત તમામ માહિતી અપડેટ રાખવી જોઈએ. જે ખાતાઓની કેવાયસી વિગતો જૂની થઈ ગઈ છે તે ખાતાઓની ફરીથી કેવાયસી તબક્કાવાર રીતે પૂર્ણ કરવી જોઈએ.

# પોરબંદરમાં ટ્રાફિક પોલીસની પ્રામણીકતાઃ ખોવાયેલ પર્સ પરત આપ્યું

## પોરબંદરની સરકારી મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા રાજકોટના યુવાનનુ પર્સ પરત કરતા અધિકારીઓએ કામગીરી બીરદાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોરબંદરની સરકારી મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા રાજકોટના યુવાનનું પર્સ ટ્રાફિક બ્રિગેડના કર્મચારીઓને મળતા તેમણે આ પર્સ પ્રામાણિકતાથી પરત સોપતા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ કર્મચારીઓને બિરદાવ્યા હતા.



પોલીસ સબ ઈન્સ કે. એન અઘેરા તથા એ.એસ.આઈ. કિરીટભાઈ પરમાર તા ટ્રાફિક બ્રિગેડ કૈલાસભાઈ વીરાભાઈ તથા જયદીપભાઈ લાખાભાઈ એમ.જી. રોડ પર ફૂટ પેટ્રોલીંગમાં ફરતા હતા બાદ ફરતા ફરતા રાણીબાગ ચાર રસ્તા જે.પી. ફૂટવેર દુકાન પાસે આવતા એક (પર્સ) પાકિટ . રોડ ઉપર ઉ નજરે આવતા તુરત જ ટ્રાફિક બ્રિગેડ કૈલાશભાઈ દ્વારા લઈ પોલીસ સબ ઈન્સ. કે.એન. અઘેરાને રજૂ કરતા આ પાકીટ જોતા તેમાં જરૂરી કાગળોમાં પાનકાર્ડ, આધારકાર્ડ તેમજ રોકડ રૂપિયા ૨૦૪૦ હોય આથી આ પાકીટના માલિકને શોધવા પ્રયત્ન હાથ ધરતા આધારકાર્ડના આધારે તેમનું એડ્રેસ શોધી કાઢી રાજકોટ રૈયારોડ ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ અંબિકા પાર્કમાં રહેતા રુદ્રરાજસિંહ ધર્મેન્દ્રસિંહ જાડેજાનું હોવાનું જાણવા મળેલ અને તેમનો કોન્ટેક કરતા હાલ તેઓ પોરબંદર ભાવસિંહજી હોસ્પિટલ સંચાલિત જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા હોય અને તેઓ પોરબંદર શહેરમાં ખરીદી કરવા નીકળતા તેમનુ પાકીટ ખોવાઈ ગયુ હતુ. આવુ જાણવા મળતા તેમને ટ્રાફિક શાખા ખાતે બોલાવી જરૂરી દસ્તાવેજ તેમજ પાકીટ અંગે ઓળખ કરી ખરાઈ કરી આ પાકિટ પરત કરતા, રૂદ્રરાજસિંહ જાડેજા દ્વારા ટ્રાફિક બ્રિગેડ કૈલાસભાઈ વીરાભાઈને પોતાની ફરજમાં પ્રામાણિકતા દાખવવા બદલ અને પોતાનુ પાકીટ પરત કરવા બદલ તેમનો તથા તમામ ટ્રાફિક પોલીસ સ્ટાફનો ખૂબ આભાર વ્યકત કરેલ હતો.

# ઉનામાં મહિલા તબિબનો વિડિયો વાયરલ કરવાની ધમકી આપી પત્રકારે કર્યો તોડ

- તબીબને બ્લેકમેઈલ કરી ધમકી આપ્યાની પત્રકાર દંપતિ વિરૂદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, ઉના**

ઉનાના મહિલા તબીબને અભદ્ર વિડીયોથી બદનામ કરવાની ધમકી આપી મારામારી કરી બ્લેકમેલ કરતા ત્રણ તોડબાજ શખસો સામે પોલીસમાં ફરિયાદ નોંધાતા ચકચાર જાગી છે. ત્રણેય ફરાર થઈ ગયા છે.

પોલીસમા તબીબ દ્વારા નોંધાયેલ ફરીયાદમા જણાવ્યુ છે કે તોડબાજ શખસ મણિરાજ ચાદોરા એ તેની પત્નિ કાવ્યા સાથે તબીબ પાસે ગયા હતા તેને એક કહેવાતો કથિત વિડિયો બતાવી કહેલ કે તમારો વિડીયો સોશિયલ મીડિયામા વાયરલ કરી દેશુ તેમ કહી ડરાવી ધમકાવી પૈસા ની માંગણી કરી હતી. આ બાબતે તબીબે સાઈબર ક્રાઈમ મા ફરીયાદ કરવા જણાવતા બ્લેક મેલ કરતા મણિલાલ ચાદોરા અને તેની પત્નિ એ ડરાવી ધમકાવી તમારે સેટલમેન્ટ કરવુ હોય તો જુનાગઢના મનિષ ડાકી સાથે રીક્વેસટ કરવા ફોન પર વાત કરાવતા તેને પણ તબીબ દ્વારા સાઈબર ક્રાઈમમા ફરિયાદનું જણાવતાં બ્લેકમેલ કરતાં મણિલાલ ચાદોરા સાથે આવેલ તેની પત્નિ કાવ્યા ચાદોરા એકદમ ઉશ્કેરાઈ જઈ તબીબના ગાલે ફડાકા મારી મૂઢમાર ઈજા કરી નામાંકિત ડોક્ટર નામે સોશિયલ મીડિયામા બદનામ કરવા ચોરી છુપીથી ઉતારેલ વિડિયો વાયરલ કરતા પોલીસમા તબીબે મણિરાજ ચાદોરા તેમજ તેની પત્ની અને મનિષ ડાકી સામે ગુન્હો નોંધી નાશી છુટેલા ત્રણેયની શોધખોળ આદરી છે.

# જામનગર માર્કેટ યાર્ડ મગફળીથી ઉભરાયું, ૧ દિવસમાં ૮૪,૦૦૦ મણની ધીંગી આવક

- ૬૦૦ થી વધુ વાહનોમાં ખેડૂતો મગફળી વેંચવા આવતા યાર્ડની બહાર કતારો લાગી



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર માર્કેટીંગ યાર્ડ શુક્રવારે વધુ એક વખત મગફળીથી ઉભરાયું હતું. કારણ કે, એક દિવસમાં ૮૪૦૦૦ મણ આવક થઈ હતી. ૬૦૦ થી વધુ વાહનોમાં ખેડૂતો મગફળી વેંચવા આવતા યાર્ડની બહાર કતારો લાગી હતી. જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં શુક્રવારે મગફળીની આવક પુનઃ ખોલવામાં આવી હતી.

આથી ગુરૂવારે રાત્રીના ખેડૂતો મગફળીનો જથ્થો ભરીને આવ્યા હતાં. ૬૦૦ થી વધુ વાહનોમાં ખેડૂતો મગફળી ભરીને આવતા યાર્ડની બહાર વાહનોની લાંબી કતારો લાગી હતી. આટલું જ નહીં એક દિવસમાં ૮૪૦૦૦ મણ મગફળીની આવક થઈ હતી. તમામ મગફળીનો જથ્થો યાર્ડના પ્લેટફોર્મમાં ઉતારવામાં આવ્યો હતો અને હરાજીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. હરાજીમાં જીણી મગફળીના રૂ. ૯૦૦ થી ૧૬૧૦ અને જાડી મગફળીના રૂ. ૯૦૦ થી ૧૧૭૦ ભાવ બોલાયો હતો. એક દિવસમાં મગફળીની ૪૮૦૦૦ ગુણીની આવક થતાં આ જથ્થો ન વેંચાય ત્યાં સુધી નવી આવક બંધ કરવામાં આવી છે.

# મોરબીની જેલમાં કેદીના ઈન્સ્ટાગ્રામ વિડીયો વાયરલઃવાંધાજનક વસ્તુઓ ન મળતાં ભુજનો વીડિયો હોવાની આશંકા

## કેદીના ઈન્સ્ટાગ્રામ વિડીયો વાયરલ થતા મોરબી જેલમાં ત્રણ કલાક સુધી સઘન તપાસ હાથ ધરાઈઃ પરંતુ કોઈ પુરાવા ન મળ્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સબ જેલમાં કાચા કામના કેદી બાબુ દેવા કનારા અને પાકિસ્તાની કેદીનો કથિત ઈન્સ્ટાગ્રામ વિડીયો વાયરલ થવા પર પોલીસે તાત્કાલિક સર્ચ ઓપરેશન હાથ ધર્યું. તેમ છતાં જેલમાંથી કોઈ પુરાવા કે પ્રતિબંધિત સામાન મળી આવ્યો નહીં. વીડિયો ભુજમાં શૂટ થયો હોવાની શક્યતા અધિકારીઓ દ્વારા વ્યક્ત કરાઈ છે.

મોરબી સબ જેલમાં રહેલા કાચા કામના કેદી બાબુ દેવા કનારા અને એક પાકિસ્તાની કેદીનો એક વીડિયોમાં ઈન્સ્ટાગ્રામમમાં આવ્યો હોય, આ વિડીયોમાં કેદી કોઈ પ્રવાહી પીતો દેખાયો હતો. વિડીયોની વિગતો સામે આવતાં જેલ તંત્ર અને સ્થાનિક પોલીસ ત્વરિત કાર્યવાહી માટે સક્રિય થઈ હતી. જેમાં મોરબી ડીવાયએસપી સમીર સરડાની આગેવાનીમાં ત્રણ ટીમો દ્વારા જેલમાં ત્રણ કલાક સુધી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.




તપાસ દરમિયાન જેલના હાઈ સિક્યુરિટી ઝોનમાં રહેલા કેદી બાબુ દેવા કનારા અને સાદી સેલમાં રહેલા પાકિસ્તાની કેદી વચ્ચે કોઈ વાંધાજનક પ્રવૃત્તિના પુરાવા મળ્યા નહોતા. ડીવાયએસપી સમીર સારડાએ જણાવ્યું કે વાયરલ વીડિયોમાં દેખાતી માહિતી મોરબી જેલ સાથે મેળ ખાતી નથી, અને લોકેશન પણ અલગ દેખાય છે.

જેલ અધિક્ષક એચ.એ. બાબરીયાએ સ્પષ્ટ કર્યું કે કેદી બાબુ દેવા કનારા ૧૫ ઓગસ્ટથી મોરબી જેલમાં છે. વાયરલ વીડિયોમાં કેદી દાઢીવાળો જોવા મળ્યો છે, પરંતુ હાલમાં તેની દાઢી વિશાળ છે, જે વિડીયો વર્તમાનનો હોવાની પુષ્ટિ થતી ન હોય.

વિડિયોના સંદર્ભે એવું પણ બહાર આવ્યું છે કે કેદીઓએ ભુજ જેલ હતા ત્યારે સાથે નાસ્તા-પાણી કર્યાનું કબૂલ્યું છે.

# મોરબીમાં ગૌરક્ષકો દ્વારા ઈકો કારમાં કતલખાને લઈ જવાતી ભેંસને બચાવી લેવાઈ

## મોરબીના માંડલ ગામ નજીક ગૌરક્ષકોએ ત્રણ કસાઈઓના ચુંગાલમાંથી અબોલ પશુને છોડાવ્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ગૌરક્ષકોએ માંડલ ગામ નજીકથી ઈકો કારમાં કતલખાને લઈ જવાતી ભેંસ (પાડો)ને બચાવી લીધી છે. આ સાથે મોરબી તાલુકા પોલીસે ઈકો કાર કબ્જે લઈ પકડાયેલ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ પશુપ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



મોરબીમાં ગૌરક્ષકોને બાતમી મળેલ કે હળવદથી મોરબી તરફ આવતી એક ઈકો કારમાં અબોલ પશુને કતલખાને લઈ જતા હોય જે હકીકતને આધારે ગૌરક્ષકો દ્વારા આંદરણા ગામ નજીક વોચમાં હોય તે દરમિયાન બાતમી મુજબની ઈકો કાર રજી.નં. જીજે-૩૬-એફએ-૧૦૬૬ ત્યાંથી પસાર થતા તે ઈકો કારનો જાંબાઝ ગૌરક્ષકો દ્વારા પીછો કરવામાં આવી મોરબીના માંડલ ગામ નજીક ઈકો કારનો ઓવરટેક કરી પકડી લેવામાં આવી હતી. ત્યારે ઈકો કારની તલાસી લેતા તેમાં એક ભેંસ(પાડો)ના હાથ-પગ અને મોઢું ક્રૂરતાપૂર્વક દોરડા વડે બાંધીને કતલખાને લઈ જવાતા અબોલ પશુને તુરંત છોડાવીને માનવતા દાખવી હતી. સમગ્ર બનાવ બાબતે ગૌરક્ષક કમાન્ડો ફોર્સના મોરબી જીલ્લા અધ્યક્ષ કમલેશભાઈ ભગવાનજીભાઈ બોરીચાની ફરિયાદના આધારે મોરબી તાલુકા પોલીસે આરોપીઓ ભુદરભાઈ ભાલુભાઈ સલાટ (ઉ.૨૭), માલદેવ ભગતભાઈ મદારી (ઉ.૨૨), અને ગેલાભાઈ સેલુભાઈ ઘેરા (ઉ.૨૮) ત્રણેય રહે. હળવદ તાલુકાના ક્વાડીયા ગામના રહેવાસીની અટકાયત કરી હતી. હાલ મોરબી તાલુકા પોલીસે ઈકો કાર કબ્જે લઈ ત્રણેય આરોપીઓ સામે ગુજરાત પશુક્રૂરતા પ્રતિબંધ અધિનિયમની કલમ તથા જીપી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં કથડાના વેપારીએ યુવાનને ઉંચા વ્યાજે નાણા આપી ધમકી આપતા ફરિયાદ

## ઓરિસ્સાના વતની યુવાને ૬.૩૩ લાખના ૧૭.૫૨ લાખ ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી કરી ચેક પડાવી લીધા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં વ્યાજખોરો બેફામ બનતા પોલીસે અનેક વ્યાજખોરોને પાસા હેઠળ જેલભેગા કરવા છતાં પણ વ્યાજખોરીનું દુષણ અટક્યું નથી ત્યારે મોરબીના રોજી રોટી કમાવા આવેલા ઓરિસ્સાના યુવાને ઘર ખરીદવા ગારમેન્ટના વેપારી પાસેથી કટકે કટકે ૬.૩૩ લાખ વ્યાજે લઈ બાદમાં ૧૭.૫૨ લાખ ચૂકવવા છતાં વ્યાજંકવાદીએ યુવાનનો પીછો નહિ છોડી બળજબરીથી ચેક લખાવી લઈ પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવા ધમકી આપતા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબીના શોભેશ્વર રોડ ઉપર શાંતિવન સોસાયટીમાં રહેતા મૂળ ઓરિસ્સાના વતની રાકેશભાઈ ગોવર્ધનભાઈ પેંથોઈ ઉ.૨૯ નામના યુવાને મોરબીના ચકિયા હનુમાનજી મંદિર પાસે ગારમેન્ટની દુકાન ધરાવતા આરોપી જયેશભાઈ વિનોદભાઈ કાનાબાર વિરુદ્ધ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમા ફરિયાદ નોંધાવતા જાહેર કર્યું હતું કે, તેમના પિતરાઈ ભાઈને ઘરનું ઘર લેવું હોય રાકેશભાઈએ અગાઉ પોતાના માટે લોન લીધી હોવાથી પરિચયમાં આવેલ કુલદીપભાઈનો સંપર્ક કરતા કુલદીપભાઈએ આરોપી જયેશ વિનોદભાઈ કાનાબાર સાથે ફરિયાદી રાકેશભાઈનો પરિચય કરાવ્યો હતો. બાદમાં રાકેશભાઈએ જૂન ૨૦૨૩મા જય ગારમેન્ટ વાળા




જયેશ વિનોદ કાનાબાર પાસેથી પ્રથમ બે લાખ રૂપિયા ૪૮ ટકા વ્યાજે અને બાદમાં ૪.૩૩ લાખ મળી કુલ ૬.૩૩ લાખ ૪૮ ટકા વ્યાજે લઈ આરોપી જયેશને બેન્ક મારફતે તેમજ રોકડેથી રૂપિયા ૧૭.૫૨ લાખ ચૂકવી દેવા છતાં આરોપી જ્યેશે ફરિયાદીના ઘેર જઈ અવાર નવાર વ્યાજની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવા ધમકી આપતા વ્યાજખોરીના બનાવ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

# મોરબીના વેપારી સાથે જાણીતી કંપનીના ડાયરેક્ટર હોવાની ઓળખ આપી રૂા.૯૮ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ટાઈલ્સના વેપારી સાથે વોટ્સએપમા મેસેજથી વાતચીત કરી જાણીતી ટાઈલ્સ કંપનીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકેની ઓળખ આપી વિશ્વાસ કેળવી ભેજાબાજ ગઠિયાએ બેન્ક એકાઉન્ટમાં રૂપિયા ૯૮ લાખ ટ્રાન્સફર કરાવી નાખતા ચોકાવનારા બનાવ અંગે મોરબી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

જાણવા મળતી વિગતો મુજબ મોરબીના આલાપ રોડ ઉપર રહેતા અને કોરલ ગોલ્ડ ટાઈલ્સના નામે વ્યાપાર કરતા ફરિયાદી કેતનભાઈ પ્રભુભાઈ દલસાણીયાએ મોરબી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં વોટ્સએપ મોબાઈલ નંબર ૯૯૩૬૯૫૫૭૧૬ના યુઝર તેમજ યુકો બેન્કના એકાઉન્ટ નંબર ૩૪૯૯૦૨૧૦૦૦૦૬૮૭ના ખાતા ધારક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જાહેર કર્યુ હતું કે, તેઓ જોન્સન કંપનીના ડાયરેકટર સાથે અવાર નવાર વાતચીત કરતા હોય ૯૯૦૩૬૯૫૫૭૧૬ નંબરના મોબાઈલ ઉપરથી આરોપીએ વોટ્સએપ મેસેજ કરી પોતે જોન્સન કંપનીના એક્યુકેટિવ ડાયરેક્ટર શરત ચાંડાક તરીકેની ઓળખ આપી હતી અને વિશ્વાસ કેળવી એડવાન્સ પેમેન્ટ મોકલી આપવાનું કહેતા કેતનભાઈએ રૂપિયા ૯૮ લાખ આરટીજીએસથી મોકલી આપ્યા હતા બાદમાં શરત ચાંડાક સાથે વાતચીત કરતા તેઓએ કોઈ મેસેજ ન કર્યો હોવાનું કહેતા કેતનભાઈને પોતાની સાથે વિશ્વાસઘાત થયાનો અહેસાસ થતા છેતરપિડીના આ બનાવ અંગે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ટંકારાના સરાયા ગામે ભેંસ અને ઘોડીને કારણે થયેલા વિવાદમાં બે ભાઈઓ પર હુમલો

## ગામના બસ સ્ટેન્ડ પાસે લોખંડના પાઈપ અને લાકડાના ધોકાથી હુમલો કરતા એક ભાઈને માથામાં ચાર ટાંકા આવ્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા તાલુકાના સરાયા ગામમાં રહેતા નયુમભાઈ વીકીયા પોતાની ઘોડી લઈને નીકળેલ હોય ત્યારે બસ સ્ટેન્ડ પાસે ઘોડીને જોઈને ભેંસો ભડકી હતી, જે બાબતે ભેંસના માલીક સહિત બે ઈસમોએ ઘોડી ચલાવનાર અને તેના નાનાભાઈને ગાળો આપી લોખંડના પાઈપ અને લાકડાના ધોકાથી હુમલો કર્યો હતો. હુમલામાં નયુમભાઈને સામાન્ય ઈજા જ્યારે તેમના નાનાભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, વધુમાં ગઈકાલે ભેંસોના માલીક દ્વારા આ વિવાદ મામલે બંને ભાઈઓ સામે માર મારવાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. હાલ ટંકારા પોલીસે ઘોડી ચલાવનારની ફરિયાદના આધારે બંને આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

ટંકારા તાલુકાના સરાયા ગામમાં રહેતા નયુમભાઈ મુસાભાઈ વીકીયા ઉ.૨૪ એ આરોપી ઈરાફનભાઈ ઈબ્રાહિમભાઈ જુણેજા તથા તેના મામા આરોપી કાળુભાઈ મામદભાઈ કૈડા વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૧૬ નવેમ્બરના લગભગ છ વાગ્યે નયુમભાઈ પોતાની ઘોડી લઈ ગામના બસ સ્ટેન્ડ તરફ જતા હતા, તે સમયે આરોપી ઈરફાન જુણેજા તેમની ભેંસ લઈને પસાર થઈ રહ્યા હતા. ત્યારે ઘોડીને જોઈને ભેંસ ભડકતા આરોપી ઈરાફનભાઈ અને તેમના મામા કાળુભાઈએ ફરિયાદી નયુમભાઈ બસ સ્ટેન્ડ પહોંચ્યા ત્યારે નયુમભાઈને અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. નયુમભાઈના નાનાભાઈ અયુબભાઈ ત્યાં જ હોય જેથી ગાળો આપવાની ના પાડતા આરોપી ઈરફાન જુણેજાએ રકડામ ઉશ્કેરાઈને લોખંડના પાઈપથી અયુબના માથામાં એક ઘા કર્યો હતો, અને કાળુભાઈએ લાકડાના ધોકાથી નયુમભાઈને વાસામાં ઘા માર્યો હતો, તે દરમિયાન દેકારો થતા આજુબાજુના લોકો આવી જતા વધુ મારથી બંને ભાઈઓને છોડાવ્યા હતા, ત્યારે અયુબભાઈને માથામાં લોહી નીકળતું હોય જેથી તેને સારવાર અર્થે ટંકારા હોસ્પિટલમાં લાવતા માથામાં ચાર ટાંકા આવ્યા હતા, સમગ્ર બનાવ મામલે ટંકારા પોલીસે બંને આરોપીઓ સામે ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નલિયાથી વધુ ગાંધીનગરમાં ઠંડી : ૧૧.૬ ડિગ્રી

## રાજકોટ અને પોરબંદરમાં ૧૪ ડિગ્રી લઘુતમ તાપમાન : ફુલગુલાબી અનુભવ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે સવારે પણ તિવ્ર ઠંડીનો ચમકારો યથાવત રહેવા પામ્યો હતો અને આજે પણ ગાંધીનગર તથા નલિયામાં સૌથી વધુ ઠંડી અનુભવાઈ હતી. આજે ગાંધીનગરમાં ૧૧.૬ ડિગ્રી તથા નલિયામાં ૧૨.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.



જયારે રાજકોટ, અમરેલી, પોરબંદર, વડોદરામાં પણ રૂંવાડા ઉભા કરી દેતી ઠંડી અનુભવાઈ હતી. આજરોજ સવારે રાજકોટ શહેરમાં ૧૪ ડિગ્રી અને પોરબંદરમાં ૧૪.૫ ડિગ્રી સાથે ફુલગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો.

આ ઉપરાંત અમરેલીમાં ૧૪.૬ અને વડોદરામાં ૧૪.૪ ડિગ્રી તેમજ અમદાવાદ ખાતે ૧૫.૭ ડિગ્રી, લઘુતમ ઉષ્ણ તાપમાન નોંધાયું હતું. જયારે ભુજમાં ૧૬.૬, કંડલામાં ૧૭.૯, દમણમાં ૧૮.૮, ડિસામાં ૧૪.૧, દિવમાં ૧૮ તેમજ દ્વારકા ખાતે ૨૦.૮ ડિગ્રી સવારનું તાપમાન રહ્યું હતું.

તેમજ આજે સવારે ઓખામાં ૨૦.૪ ડિગ્રી, સુરતમાં ૧૯ અને વેરાવળ ખાતે ૨૦.૪ ડિગ્રી સાથે ઠંડીમાં થોડી રાહત અનુભવાઈ હતી. ઉપરાંત જામનગરમાં શિયાળો ધીમા પગલે જમાવટ કરી રહ્યો હોય ઠંડીનો પારો અડધો ડિગ્રી ઘટ્યો હતો.

લઘુત્તમ તાપમાન ઘટીને ૧૪ ડિગ્રીએ પહોંચતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મહત્તમ તાપમાન ૨૯.૮ ડિગ્રી નોંધાયું હતું. જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણમાં ૧૪ ટકા વધારા સાથે ૭૪ ટકા રહ્યું હતું.

જામનગરમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અડધા ડીગ્રીના કડાકા સાથે લઘુતમ તાપમાન ૧૪ ડીગ્રીએ પહોંચી ગયું હતું તથા મહતમ તાપમાન ૨૯.૮ ડીગ્રી નોંધાયું હતું. તાપમાનમાં થયેલા ઘટાડાના પગલે શિયાળાએ ગતી પકડી છે. નગરસીમ અને ગ્રામ્ય પંથકમાં તથા ધોરીમાર્ગો પર વધારે ઠંડી અનુભવાઈ રહી છે. લોકોએ ગરમ વસ્ત્રો પહેરવાનું શરૂ કરી દીધું છે. તદઉપરાંત ગરમ કપડાની દુકાનો તથા લારીઓ પર ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ અને પવનની ગતિ પ્રતિકલાકની ૪.૮ કીમીની રહી હતી. વહેલી સવારે અને રાત્રિના વાતાવરણ ટાઢુ બોળ થતાં લોકોને પંખા-એસી બંધ કરવાની ફરજ પડી હતી. જયારે ગોહિલવાડ પંથકમાં ઠંડીનું જોર યથાવત રહ્યું હતું. આજે શનિવારે શહેરનું લઘુતમ તાપમાન ૧૬.૬ ડિગ્રી નોંધાયું હતું. ભાવનગરમાં લઘુતમ તાપમાન નીચે સરકતા લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આજે લઘુત્તમ તાપમાન ૧૬.૬ ડીગ્રી નોંધાયું હતું. ખાસ કરીને ખુલ્લા અને ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ હાઈવે પર લોકોએ કડકડતી ઠંડીનો અનુભવ કર્યો છે. આજે સવારે ભાવનગર શહેરમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૧૦ કિમી પ્રતિ કલાકની રહી હતી.

# લીંબડીની હોટલમાં પેટ્રોલ-ડીઝલ ચોરીનું કૌભાંડ, રાજકોટના ત્રણ સહિત ૬ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર લીંબડી પાસેના કટારીયા ગામના પાટિયા નજીક આવેલ હોટલ ક્રિષ્ના કાઠિયાવાડી પાછળ ઓઈલ કંપનીના ટેન્કરમાંથી ડીઝલ-પેટ્રોલની ચોરી કરી ચોરી કરેલું ડીઝલ-પેટ્રોલ બજાર કિંમત કરતા ઓછી કિંમતે વેચી દેવાના ચાલતા કૌભાડનો સુરેન્દ્રનગર એસ. ઓ. જીએ પર્દાફાશ કર્યો છે. એસ ઓજી એ પાડેલા દરોડામાં હોટલ માલિક સહીત રાજકોટ, જામનગરના ૬ શખ્સોની ધરપકડ કરી પેટ્રોલ અને ડીઝલ તેમજ બે ટેન્કર સહિત રૂ.૮૭.૫૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.



સુરેન્દ્રનગર એસઓજીને બાતમી મળી હતી કે અમદાવાદ-રાજકોટ હાઈવે પર લીંબડી પાસે આવેલી હોટલ ક્રિષ્ના કાઠિયાવાડીના માલિક ભાડુકા ગામનો રવિરાજ ભાઈ હરિસંગભાઈ ચૌહાણ પોતાની હોટલના પાછળના ભાગે આવેલા કંપાઉન્ડમા ઓઈલ કંપનીના ટેન્કરમાંથી ડીઝલ-પેટ્રોલની ચોરી કરે છે. જેના આધારે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા ડો.ગીરીશ પડ્યાંની કડક સૂચનાથી પીઆઈ બી. એચ. શીંગરખીયા અને એસઓજીની ટીમે દરોડો પાડ્યો હતો. જેમાં સ્થળ પરથી ૪૯,૨૨૦ લિટર ડીઝલ કિંમત રૂ. ૪૪, ૬૩,૭૬૧, અને ૨,૮૦૦ લિટર પેટ્રોલી કિંમત રૂ.૨,૬૫,૮૮૮ તેમજ બે ટેન્કર અને મોબાઈલ નંગ-૩ મળી કુલ રૂ. ૮૭, ૫૪, ૬૪૯. ૮૦ નો મુદ્દામાલ કબજે હોટલ માલિક રવિરાજભાઈ હરિસંગભાઈ ચૌહાણ સાથે રાજકોટના ભાર્ગવભાઈ પ્રતાપભાઈ ડાંગર, ઈન્દ્રજીતભાઈ રાયધનભાઈ વિરડા,માવજીભાઈ કાનાભાઈ ડાંગર તેમજ જામનગરના અજયકુમાર શ્રીરામકુમાર યાદવ,અભિષેક રામનયન યાદવની ધરપકડ કરી હતી.આ ટોળકી દ્વારા ડીઝલ-પેટ્રોલ ચોરીનું કૌભાંડ સુવ્યવસ્થિત રીતે ચલાવવામાં આવતું હતું. ઓઈલ કંપનીનો ટ્રક ડીઝલ-પેટ્રોલ ભરીને સપ્લાય કરવા નીકળે અને હોટલ પર ઉભું રાખી ટોળકી દ્વારા વાલ્વમાં સળિયો નાખી તેમાંથી ડીઝલ-પેટ્રોલ ચોરી લેવામાં આવતું હતું અને પછી તેનું વેચાણ પણ કરી દેવાતું હતું.

એસ.ઓ.જીના દરોડા બાદ જાણવા મળ્યું છે કે ડીઝલ-પેટ્રોલ ચોરીનો આ ગોરખધંધો છેલ્લા બે-ત્રણ મહિનાથી ચાલી રહ્યો હતો અને દરરોજનું હજારો લીટર ડીઝલ-પેટ્રોલ ચોરીને તાત્કાલિક તેનું વેચાણ પણ કરી દેવામાં આવે તેની વ્યવસ્થા કરવામાં આવી હતી.સુરેન્દ્રનગર એસઓજીના પીઆઈ બી.એચ.શીંગરખીયા સાથે પીએસઆઈ એન.એ.રાયમા અને એએસઆઈ અનિરુદ્ધસિંહ મહિપતસિંહ ઝાલા, અશ્વિન ભાઈ, રવિરાજ ભાઈ ખાચર, બળદેવ ભાઈ ડોડીયા, બળભદ્ર સિહ સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

# રાજકોટ બન્યું રામમય : રાજમાર્ગો પર નીકળી પોથીયાત્રા













(તસ્વીરઃ આનંદ જાવિયા)

## આ કથાથી દેશમાં મોટો સંદેશો જશેઃ મોરારિબાપુઃ ૨૦૦૦ મહિલા મસ્તક પર પોથી રાખી પગપાળા ચાલી, અયોધ્યાના રામમંદિરની પ્રતિકૃતિએ આકર્ષણ જમાવ્યુંઃ ૫૦ હજારથી વધુ શ્રાવકો માટે રોટલી–શાક–મીઠાઈ સહિતના ભોજન બનશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

:શહેરની ભાગોળે જામનગર રોડ, પડધરી પાસે સદભાવના વૃધ્ધાશ્રમનું નિર્માણ થવા જઈ રહયું છે તેમજ વૈશ્વિક પર્યાવરણના જતન માટે કરોડોની સંખ્યામાં વૃક્ષો વાવવાના ઉમદા હેતુથી સદભાવના વૃધ્ધાશ્રમ ધ્વારા પૂ. મોરારી બાપુની વૈશ્વિક રામકથાનું આયોજન આપણા રાજકોટના આંગણે કરવામાં આવેલ છે, રાજકોટમાં વૃદ્ઘો અને વડીલોનાં શુભાર્થે પૂજય મોરારી બાપુની રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તકે પોથીયાત્રા પૂર્વે મુંજકામાં પરમાત્માનંદ સરસ્વતીજીનો આશ્રમ આર્ષ વિદ્યામંદિર, સવારથી જ દિવ્ય માહોલ, પક્ષીઓના કલરવ, હરીયાળી વચ્ચે પોથી પુજન કાર્યક્રમનો સોમેશ્વર મહાદેવ મંદિરમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો.જેમાં પૂ. ગુરૂ શરણાનંદી (રમણ રેતી), પૂ. પરમાત્માનંદજી અને પૂ. મોરારિબાપુએ ઉપસ્થિત રહી શ્લોક ગાન સાથે અને વિળ્ળ્ળ્ન ભુદેવો ધ્વારા શાસ્ત્રોક્ત–વૈદોક્ત મંત્રોચ્ચાર સાથે પોથીજીનું પૂજન કરાયું હતું. આ પોથીપૂજનમાં ૫૦થી વધુ યજમાનોએ લહાવો લીધો હતો.

આર્ષ વિદ્યામંદિર ખાતે દિવ્ય અને અલૌકિક વાતાવરણમાં પૂ. પરમાત્માનંદજીએ પોથી પૂજન પૂર્વે ઉપસ્થિત યજમાનોને સંબોધતા જણાવેલ કે ભગવાન રામનું આ રામાયણ વાંગમય રૂપ છે., ભગવાન જયારે અંતર ધ્યાન થઈ જાય એ પછી પ્રગટ સ્વરૂપે એ ભાગવત અથવા રામાયણમાં સાક્ષાત વાનગી રૂપે પધારે છે. અહીં પણ રામાયણ પોથી પૂજન સાથે ભગવાન શ્રીરામ વાંગમય સ્વરૂપે પધાર્યા છે. આપણે સૌ તેમનું પૂજન કરી અને કથાના નવે નવ દિવસ પૂજય રામ બિરાજમાન થાય એવી પ્રાર્થના કરીએ.

આ તકે યજમાન તરીકે ઉપસ્થિત બાલાજી વેફરવાળા ચંદુભાઈ વિરાણીએ જણાવેલ કે માનસ રામકથા માત્ર એક વ્યક્તિની નહી પરંતુ સમગ્ર સમાજની કથા છે, વૃક્ષો વાવે છે ઘણા પરંતુ ઉછરી શક્તા નથી ત્યારે સદભાવના વૃધ્ધાશ્રમ એ એક એવી સંસ્થા છે જે વૃક્ષો વાવવાની સાથે ઉછેર,જતન પણ કરે છે, અત્યારે સદભાવના વૃધ્ધાશ્રમના લાખો વૃક્ષો લહેરાઈ રહયા છે અને હજુ કરોડો વૃક્ષો વાવવાનો સંકલ્પ પૂર્ણ કરશે ત્યારે આ સત્કાર્યમાં જોડાવવાનો અવસર મળવા બદલ આનંદની લાગણી અનુભવું છું.

આ તકે અગ્રણી ઉદ્યોગપતિ નરોતમભાઈ પરસાણા અને તેમના ધર્મપત્ની અંજનાબેન પરસાણાએ જણાવેલ કે અમે તો ઘણા વર્ષોથી સદભાવના સાથે જોડાયેલ છીએ. સદભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ ધ્વારા વડિલોની સેવા, વૃક્ષોનું જતન, અબોલ પશુઓની સારસંભાળ જેવી સેવાપ્રવૃતિઓ ચાલી રહી છે ત્યારે આ સત્કાર્ય માત્ર સદભાવના જ કરે તેવુ નહી ,પરંતુ આ કામ જન–જનએ તેમા સહભાગી થઈને આ સેવાયજ્ઞમાં જોડાવું જોઈએ. ત્યારે વૈશ્વિક રામકથાના માધ્યમથી સમગ્ર સમાજ આ સત્કાર્યમાં જોડાઈ પર્યાવરણના આ મહાયજ્ઞનો શુભારંભ કરશે.

આ વૈશ્વિક રામકથાની શરૂઆત પૂર્વે પ્રથમ ચરણ એવુ પોથીપૂજન બાદ ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. આ પોથીયાત્રા વિરાણી હાઈસ્કુલ,ગ્રાઉન્ડથી શરૂ કરી હેમુ ગઢવી હોલ, દસ્તુર માર્ગ, ડો. યાજ્ઞિક રોડ, જિલ્લા પંચાયત ચોક, ફનવર્લ્ડ, બહુમાળી ભવન, પોલીસ હેડ ક્વાર્ટર ચોકથી રેસકોર્ષ ગ્રાઉન્ડ કથા સ્થળ પંહોચી હતી. આ પોથીયાત્રામાં બે હજાર મહિલા ભક્ત બહેનો રામચરિત માનસની પોથીઓને પોતાના મસ્તક ઉપર બીરાજમાન કરી પોથીયાત્રામાં જોડાયેલ હતા. સાથે ડી.જે. બેન્ડની સુરાવલિઓ, નાશીક ઢોલ, તરણેતરની રાસમંડળીઓ, બગી ની જમાવટ, હાથી, ઘોડા સાથે ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. તેમજ વૈશ્વિક રામકથામાં પધારેલ સંતો–મહંતો આકાશમાં ચમકી રહેલા નક્ષત્રોની જેમ પોથીયાત્રામાં દ્રશ્યમાન થયા હતાં અને અલગ–અલગ આકર્ષક બગીઓમાં શહેરની ધર્મપ્રેમી જનતાને દર્શનનો લ્હાવો આપ્યો હતો.

સાથે ખૂલ્લી જીપ, બુલેટ, વિન્ટેજ કાર તેમજ જાંબુર ગીરનું પ્રખ્યાત સીદી લોકોનું નૃત્ય ધમાલ પણ આ પોથીયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. પોથીયાત્રામાં પ્રદર્શન ફલોટસ, વાનર સ્વરૂપ, બાહુબલી હનુમાન સ્વરૂપ, રામ સ્વરૂપ, દેવી–દેવતાઓ સ્વરૂપ, મીકકી માઉસ કલોન સાથે વિશાળ ભક્તવૃંદએ પોથીયાત્રાની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી, તો ધાર્મિક સંગીત, રંગોળીની સજાવટ, નયનરમ્ય ફુલોથી સુશોભન સાથે શાસ્ત્રોની ભવ્ય રજૂઆત સાથે શ્રધ્ધાળુઓએ રથ સાથે ભજન–ર્કિર્તનની જમાવટ કરી હતી અને સર્વત્ર જય જય શ્રી રામ નો નાદ સાથે ગગન ગુંજી ઉઠયું હતું, પોથીયાત્રામાં સ્કાઉટ ગાઈડ, એન.એસ.એસ., એન.સી.સી.ના બહેનોએ મશાલ અને ધ્વજ સાથે પોથીયાત્રાની શરૂઆત કરી હતી. આ પોથીયાત્રામાં યુનિવર્સલ સ્કુલના બાળકોએ જિલ્લા પંચાયત ચોકમાં રામાયણ પ્રસંગોની થીમ રજુ કરી ભાવિકોને મંત્રમુગ્ધ ર્ક્યા હતા.

આ પોથીયાત્રા હિન્દુ પરંપરામાં ધાર્મિક ગ્રંથો અને શાસ્ત્રો પ્રત્યે શ્રધ્ધા અને આદર દર્શાવવાનો વિશિષ્ટ પ્રચાર છે. જયારે કોઈ કથા,યજ્ઞ કે ધાર્મિક કાર્યક્રમનું આયોજન થાય છે, ત્યારે પોથીયાત્રા ધ્વારા શાસ્ત્રોને સન્માનપૂર્વક સભાન કરવામાં આવે છે. પોથીયાત્રા ધર્મ અને સમાજના સાંસ્કૃતિક એક્તાનું પ્રતિક છે. યાત્રા થકી લોકોમાં આધ્યાત્મિક જાગૃતિ ઉત્પન્ન થાય છે.આ યાત્રા થકી સમૂહ પ્રાર્થના, ભજન–ર્કિતન અને સંસ્કૃતિના પ્રચાર માટે પણ માર્ગદર્શન મળે છે અને સામુહિક રીતે એક દિવ્ય ઉર્જાનો સંચાર થાય છે.

રાજકોટના આંગણે બાર વર્ષ પછી રામકથારૂપી રૂડો અવસર આવી રહયો છે અને સમગ્ર સૌરાષ્ટ્રભરની જનતામાં આ ધાર્મિકોત્સવ થકી ભક્તિરસ માણવા થનગનાટ વ્યાપી ગયો છે ત્યારે સદભાવના વૃધ્ધાશ્રમ પરિવાર ધ્વારા નવનિર્મિત ભવનના લાભાર્થે પૂ. મોરારિબાપુના શ્રીમુખે રામકથાના પ્રારંભે ભવ્યાતિભવ્ય પોથીયાત્રાનો લ્હાવો લઈ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તવૃંદે હર્ષોલ્લાસથી આ ધર્મોત્સવને માણ્યો હતો.આ પોથીયાત્રામાં શહેરના રાજકીય અગ્રણીઓ, સામાજિક, સેવાકીય,ધાર્મિક સંસ્થાના અગ્રણીઓ, પોલીસ કમિશનરશ્રી, વિવિધ અધિકારીગણ તથા ધર્મપ્રેમી શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ પોથીયાત્રાને સફળ બનાવવા સમગ્ર ટીમ છેલ્લા એક મહિનાની જહેમત ઉઠાવાઈ હતી.

ત્યારે આ પોથીયાત્રાનાને સફળ બનાવવા પોથીયાત્રાના મુખ્ય કન્વીનર કિશનભાઈ ટીલવા, વિપુલભાઈ પાનેલીયા તથા નિતેશભાઈ ચોપડા,અજયભાઈ રાજાણી,મોહિતભાઈ કાલાવડીયા, યોગીનભાઈ ચનીયારા, દીપકભાઈ કાચા, ભાવેશભાઈ જોષી, જય ગજજર, કશ્યપ મેંદપરા, ભરતસિંહ પરમાર, વિપુલભાઈ છેલલ્યા, વિલાસબેન રૂપારેલીયા, ચંદ્રીકાબેન ચોવટીયા, રશ્મિબેન નોંધણવદરા, જયોત્સનાબેન પેથાણી, મધુબેન ચોવટીયા, કિરણબેન માકડીયા, માલતીબેન સાતા, દિવ્યાબેન ઉમરાળીયા, પલ્લવીબેન જોષી, દેવાંગીબેન મૈયડ, દક્ષાબેન વાઘેલા સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

## સૂર્ય પ્રકાશથી ગ્રીન એનર્જી; સોલાર રૂફટોપ પેનલ હવે ૧લાખ ૧૬ હજાર ઘરોમાં લાગશે

### રાજકોટ સર્કલમાં રિવાઈઝડ ટાર્ગેટ : ૩ કિલોવોટની પેનલમાં સબસીડી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સુર્યદેવ થકી ગ્રીન એનર્જી મેળવવામાં સોલાર રૂફ ટોપની યોજના હેઠળ રજાકોટ શહેરનાં જુદા–જુદા સબ ડિવિઝનને ૧,૧૬,૪૦૦ પેનલ લગાડવાનો રીવાઈઝડ લક્ષ્યાંક ફાળવવામાં આવતા માર્ચ–૨૦૨૫પહેલાં ટારગેટ પૂરો કરવાનો હોવાથી શહેરના જુદા–જુદા ડિવિઝનો દ્વારા સોલાર રૂફ ટોપની સબસીડાઈઝ યોજનાનો લાભ મોટા પ્રમાણમાં લોકો લઈ શકે તે માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. રાજયમાં સોલાર રૂફ ટોપની યોજના હેઠળ ૬,૩૮,૦૦૦ પેનલ લગાડવાનો લક્ષ્યાંક નક્કી થયા બાદ અગાઉ ડીસે. ૨૦૨૪ દરમિયાન રાજકોટ સર્કલને ૯૧૪૦૦ પેનલ લગાડવાનો જે લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો હતો. તેમાં વધારો કરીને હવે ૧૧૬૪૦૦ પેનલનો લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો હતો. ૩ કિલોવોટની રહેણાંક વિસ્તારમાં લગાવાતી સોલાર રૂફ ટોપની પેનલમાં રૂા. ૭૮,૦૦૦ સબસીડી મળે છે. પેનલ મુકવાનો ખર્ચ ૧ લાખ ૭૦,૦૦૦ જેવો થાય છે. તેવી વિગતો સાથે પીજીવીસીએલનાં સુત્રોએ જણાવ્યું હતું કે સોલાર રૂફ ટોપની યોજનામાં સમગ્ર સૌરાષ્ટ્રમાં લક્ષ્મીનગર સબડિવિઝન અગ્રેસર રહ્યું છે. અલબત રીવાઈઝડ ટાર્ગેટ પછી ૯૧૯૧ પેનલ લગાડવાનો લક્ષ્યાંક મવડી સબ ડિવિઝનને ફાળવવામાં આવ્યો છે.



કાલાવાડ રોડ સબ ડિવિઝનને ૭૪૪૧ પેનલ લગાડવાનો જે લક્ષ્યાંક આપવામાં આવ્યો છે તે પૈકી મહદઅંશે કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. રહેણાંક વિસ્તારોમાં સિટી–૧માં ૩૪૬૬૩, સિટી–૨ હેઠળના વિસ્તારોમાં ૪૪૧૭૦ અને સિટી–૩ હેઠળનાં વિસ્તારોમાં કુલ ૩૭૫૬૭ સોલાર રૂફ ટોપ પેનલ લગાડવાની રહેશે.

## હાઈવે ઉપર રખડતા ઢોરના માલિકો સામે કાર્યવાહી કરાશે

### અકસ્માત ઘટાડવા ડાયવર્ઝન પાસેના રોડ સમથળ બનાવવા અને બ્લેક સ્પોટ અંગે વાહનચાલકો માટે ચેતવણી લગાવવા તાકીદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધીની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે રાજકોટ જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. હાઈવે પર વાહન અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે રોડ એન્જિનિયરિંગ અને સાઈનેજીસ પર ભાર મુકતા નિવાસી અધિક કલેકટરશ્રીએ જણાવ્યું હતુ કે, ખાસ કરીને બ્લેક સ્પોટ આસપાસ વાહન ચાલકોને ચેતવણીરૂપ યોગ્ય સાઈનેજીસ લગાવવા જરૂરી છે. તેમજ ડાયવર્ઝન પહેલા દૂરથી જ વાહન ચાલકોને માર્ગદર્શન મળી જાય તેમજ ડાયવર્ઝન પાસેના રોડને સ્મૂધ બનાવી વાહન સરળતાથી પસાર થાય તે પ્રકારે આયોજન કરવા ખાસ સૂચના આપી હતી. હાઈવે પર રખડતા ઢોરના કારણે સંભવિત અકસ્માત ટાળવા ઢોર દૂર કરવા અને જરૂર પડ્યે તેમના માલીક પર કાયદેસર કાર્યવાહી કરવા પણ તેઓએ તાકીદ કરી હતી. વાહન ચાલકો સીટબેલ્ટ તેમજ હેલ્મેટ પહેરે તે તેમની જ સુરક્ષા માટે જરૂરી હોઈ તમામ લોકો રોડ સેફટીના નિયમોનું પાલન કરે તેમ ગાંધીએ આગ્રહપૂર્વક જણાવ્યું હતું. રોડ સેફટીની જાણકારી અભ્યાસ સાથે જ જરૂરી હોવાનું જણાવી નિવાસી અધિક કલેકટરશ્રીએ શાળા–કોલેજમાં જનજાગૃતિના વધુને વધુ કાર્યક્રમો કરવા સંબંધિત વિભાગને માર્ગદર્શન આપ્યું હતું. ધોરીમાર્ગો પર અકસ્માતનું પ્રમાણ સતત ઘટે તે દિશામાં કરવામાં આવતી કામગીરી અર્થે રોડ રીપેરીંગ, થર્મોપ્લાસ્ટ પટ્ટા, કેટ આઈ, રમ્બલ સ્ટ્રીપ, સ્પીડ લીમીટ, સ્પીડ બ્રેકર, સાઈનેજીસ, હાઈવે - એપ્રોચ કનેક્ટિવિટી પાસે રોડ



એન્જિનિયરિંગ કામગીરી યોગ્ય રીતે થાય તે માટે નેશનલ હાઈવે, આર.એન્ડ.બી. સ્ટેટ તેમજ ગ્રામ પંચાયતના અધિકારીઓને સૂચના આપી હતી. આ બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરિટી, નેશનલ હાઈવે ડિવિઝન રૂડા દ્વારા સાઈનેજીસ, રમ્બલ સ્ટ્રીપ સહિતની કામગીરીની વિગતો પુરી પાડી હતી.આર.ટી.ઓ અને ટ્રાફિક પોલીસ દ્વારા હાઈવે પર ઓવર સ્પીડ, સીટ બેલ્ટ, હેલ્મેટ અંગે ચલાવવામાં આવેલી ઝુંબેશ, જનજાગૃતિ અંગે કરવામાં આવેલા સેમિનારની વિગતો પૂરી પાડવામાં આવી હતી. આ બેઠકમાં આર.ટી.ઓ અધિકારી કે. એમ. ખપેડ, રોડ સેફટી કાઉન્સિલના જે.વી.શાહ, ટ્રાફિક એ.સી.પી. ગઢવી સહીત એન.એચ.એ.આઈ., એન.એચ. ડિવીઝન, ડીસ્ટ્રીકટ આર.એન્ડ.બી., સિવિલ, ૧૦૮ સહીત વિવિધ વિભાગના અધિકારી તેમજ પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ-રાજુલા સહિત ગુજરાતની ૪ સહકારી બેંકોને દંડ ફટકારતી આરબીઆઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારતીય રિઝર્વ બેંકે ગુરુવારે જાહેરાત કરી હતી કે તેણે ગુજરાતની ઘણી સહકારી બેંકો પર નિયમનકારી માર્ગદર્શિકાઓનું પાલન ન કરવા બદલ નાણાકીય દંડ લાદ્યો છે. આમોદ, ભરૂચ જિલ્લાની આમોદ નાગરીક સહકારી બેંક લિ. કરજણ, વડોદરા જિલ્લામાં કરજણ નાગરિક સહકારી બેંક લિમિટેડ; અને અમરેલી જીલ્લામાં આવેલી રાજુલા નાગરિક સહકારી બેંક લિ.ને નિયત ધારાધોરણોનું પાલન કરવામાં નિષ્ફળતા બદલ દરેક દંડ કરવામાં આવ્યો હતો. વધુમાં, રાજકોટની વિજય કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિ.ને પણ આરબીઆઈ દ્વારા દંડ કરવામાં આવ્યો છે.રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે ૧૩ નવેમ્બર, ૨૦૨૪ ના રોજના આદેશ દ્વારા, તેણે આમોદ નાગરિક સહકારી બેંક લિ., આમોદ, જિલ્લા પર ₹૧.૦૦ લાખ (માત્ર એક લાખ રૂપિયા) નો નાણાકીય દંડ લાદ્યો છે. બેંકે બેંકના ડાયરેક્ટરના સંબંધીને લોન મંજૂર કરી હતી અને ડાયરેક્ટરના સંબંધીને ગેરેન્ટર તરીકે ઊભા રહેવાની મંજૂરી પણ આપી હતી.

વધુમાં, બેંક ચોક્કસ ગ્રાહક ખાતાના કેવાયસી રેકોર્ડને નિયત સમયરેખામાં સેન્ટ્રલ ઊંઢઈ રેકોર્ડ્સ રજિસ્ટ્રીમાં અપલોડ કરવામાં નિષ્ફળ રહી. આરબીઆઈ તરફથી અન્ય એક રીલીઝ જણાવે છે કે, કરજણ નાગરિક સહકારી બેંક લિમિટેડ, કરજણ, જિલ્લો પર ₹૨.૧૦ લાખ (રૂપિયા બે લાખ દસ હજાર માત્ર) નો નાણાકીય દંડ લાદ્યો છે. ત્રીજા કિસ્સામાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રાજુલા નાગરિક સહકારી બેંક લિમિટેડ પર ₹૧.૨૫ લાખનો નાણાકીય દંડ લાદ્યો છે.

બેંકે રોકડ ધિરાણ મર્યાદા મંજૂર કરી હતી જ્યાં બેંકના ડિરેક્ટરોના સંબંધીઓ બાંયધરી આપનાર તરીકે ઉભા હતા અને બે વર્ષથી વધુ સમયથી ગ્રાહક દ્વારા શરૂ કરાયેલ વ્યવહારો ન થયા પછી અમુક ખાતાઓને નિષ્ક્રિય અથવા નિષ્ક્રિય તરીકે વર્ગીકૃત કરવામાં નિષ્ફળ ગયા હતા.ચોથા કિસ્સામાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રાજકોટની વિજય કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ પર ₹૧.૦૦ લાખ (માત્ર એક લાખ રૂપિયા) નો નાણાકીય દંડ લાદ્યો છે. કેવાયસી ધોરણો પર આરબીઆઈ દ્વારા જારી કરાયેલા અમુક નિર્દેશોનું પાલન ન કરવા બદલ બેંક દર છ મહિનામાં ઓછામાં ઓછા એક વખત ચોક્કસ ખાતાઓ માટે જોખમ વર્ગીકરણની સામયિક સમીક્ષા કરવામાં નિષ્ફળ ગઈ હોવાથી




દંડ કરાયો છે. ચોથા કિસ્સામાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (છઈંઈ) એ ૧૫ નવેમ્બર, ૨૦૨૪ ના આદેશ દ્વારા, રાજકોટની વિજય કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ પર રૂ.૧.૦૦ લાખ (માત્ર એક લાખ રૂપિયા) નો નાણાકીય દંડ લાદ્યો છે.

નો યોર કસ્ટમર (ઊંઢઈ) ધોરણોથ પર આરબીઆઈ દ્વારા જારી કરાયેલા અમુક નિર્દેશોનું પાલન ન કરવા બદલ દંડ લાદવામાં આવ્યો હતો. બેંક દર છ મહિનામાં ઓછામાં ઓછા એક વખત ચોક્કસ ખાતાઓ માટે જોખમ વર્ગીકરણની સામયિક સમીક્ષા કરવામાં નિષ્ફળ રહી. આ પગલાં આરબીઆઈ દ્વારા હાથ ધરવામાં આવેલા વૈધાનિક નિરીક્ષણોને અનુસરે છે, જેમાં ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં આ બેંકોની નાણાકીય સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

# નવાગામમાં દંપતી વચ્ચે ઝઘડો થતા પત્નીએ એસિડ પી કર્યો આપઘાતનો પ્રયાસ

■ ઈશ્વરીયામાં યુવાન ઉપર ધાતુનું ડબલુ માથે પડતા યુવકને સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલા નવાગામ આવાસ ક્વાર્ટરમાં રહેતા દંપતી વચ્ચે રકઝક થતા પત્નીએ એસિડ પી આપઘાત કરી લીધો હતો. પરિણીતાને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરની ભાગોળે આવેલા નવાગામ આવાસ ક્વાર્ટરમાં રહેતી અલકાબેન રમેશભાઈ વાળોદરા નામની ૪૦ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી. ત્યારે રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામાં એસિડ પી લીધું હતું. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

પ્રાથમિક પૂછપરછમાં અલકાબેન વાળોદરાના ૨૪ વર્ષ પૂર્વે લગ્ન થયા છે. તેણીને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે અલકાબેન વાળોદરા અને તેના પતિ રમેશભાઈ વાળોદરા વચ્ચે નજીવા પ્રશ્ન ઝઘડો થતા તેણીને માઠુ લાગી આવતા એસિડ પી લીધુ હોવાનું જાણવા મળ્યું છે.આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં



જંકશન પ્લોટમાં આવેલા હંસરાજનગરમાં રહેતા મુકેશ રતિલાલભાઈ ચાવલીયા નામનો ૩૭ વર્ષનો યુવાન જામનગર રોડ ઉપર ઈશ્વરીયા ગામે પોતાના મિત્ર રોહિતની વાડીએ હતો. ત્યારે ઝેરી ધાતુનું ડબલુ માથે પડ્યું હતું. જે ઝેરી ધાતુ મોઢા ઉપર ઉડતા તેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# દુકાનદારે મહિલાને લગ્નની લાલચ આપી આચર્યું દુષ્કર્મ

## મહિલાએ મૈત્રી કરારમાં રહેવાનીના પાડતા શખ્સે તરછોડીઃ મહિલા પોલીસમથકમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં મવડી વિસ્તારમાં રહેતી પરીણીતાએ મહિલા પોલીસમાં વિરહનુમંત ટાઉનશીપમાં રહેતા કરણ વિમલેશ પટેલનું નામ આપી ફરિયાદ નોંધાવી છે જેમાં ગત.તા.૧૦/૭ ના પતિ મિલનનો જન્મદિવસ હોય જેથી તેની ચા ની હોટેલ ઉજવણી કરવાની હોવાથી આસપાસ દુકાનના વેપારીઓને બોલાવેલ હતા ત્યારે તેના પતિની ટી સ્ટોલ બાજુમાં આવેલ ઝેપોલી બેકર્સ નામની કેક શોપના કરણ સાથે મુલાકાત થઈ ત્યારે શખસે કહ્યું કે અમારી દુકાને મહેમાન આવે ત્યારે તમે ચા આપવા આવશો જેથી તેણીએ હા પાડી હતી અને બન્ને એ નંબરની આપ લે કરી હતી બાદમાં પતિ બહારગામ ગયેલ હોવાની જાણ થતા શખસે



તેણીના ઘરે ગયો અને તેને ધકકો મારી સેટી પર પછાડી દઈ દુષ્કર્મ આચરી ઢીકાપાટુનો માર મારી તેણીના નગ્ન ફોટા/વિડિયો ઉતારેલ હતો અવાર નવાર ફોટા,વિડિયો પતિને બતાવી દેવાની ધમકી આપી દુષ્કર્મ આચરતો હતો શખસે કહ્યું કે જો આપણા સંબંધની જાણ તારા પતિને થશે તો હું તારી સાથે લગ્ન કરી લઈશ તેમ વાત કરી હતી. ગત.તા.૮ ના પતિ પરિક્રમમાં ગયા ત્યારે તેણીને ફોન કરી કેક શોપે બોલાવી ત્યાં પણ દુષ્કર્મ આચર્યુ હતુ બાદમાં પતિને બન્નેના સંબંધની જાણ થતા તેણીને અપનાવવાની ના પાડી દીધેલ હતી જેથી તેણીએ શખસેને ફોન કરી લગ્ન કરવાનું કહેતા શખસે પણ હાથ ઉંચા કરી લીધા હતા અને તેણીને બીજા મારફત જાણ થઈ કે શખસ તેની સાથે મૈત્રી કરાર કરી રહેવા માંગે છે. જેથી તેણીના પાડી ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી શખસને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

# હત્યા કેસમાં જામીન મુક્ત થયેલા શખ્સોએ સોપારી આપી વેપારીના પગ ભંગાવી નાખ્યા

## પોલીસ તપાસમાં તથ્ય સામે આવતા લુખ્ખાઓએ પોલીસને દબાવવા માર માર્યાનો કર્યો આક્ષેપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોટામવાના સરપંચની હત્યામાં સંડોવાયેલ કુખ્યાત શખ્સે મોટામવામાં ફરી ધાક જમાવવા માટે ત્રણ ભાડુતી માણસોને મોકલી વેપારી ઉપર હુમલો કરાવ્યાની ઘટનામાં તાલુકા પોલીસે સત્ય બહાર લાવતા આ લુખ્ખાઓએ પોલીસને દબાવવા માટે કોર્ટમાં ખોટા આરોપ લગાવ્યા હતા. આ મામલે તાલુકા પોલીસ મથકના પી.આઈ ડી.એમ.હરીપરા અને તેમની ટીમે કોણ પણ શેહ શરમ વિના કાર્યવાહી કરી મોટામવા વિસ્તારમાં ધાક જમાવવા કાવતરું રચનાર સામે ગુનો દાખલ કરી આવા લુખ્ખાઓને સાનમાં સમજી જવા તાકીદ કરી છે.

મવડી ગામમાં આલાપ મેઈન રોડ બંસરી પાર્કમાં રહેતા કોન્ટ્રકર મહેશભાઈ વલ્લભભાઈ મેઘાણી (ઉ.વ.૪૨) (પટેલ) નામના યુવાન ઉપર ગત તા ૧૮/૧૧ના રોજ હુમલો થયો હતો. મહેશ ગાંડુ વકાતર અને તેની સાથેના અજાણ્યા ત્રણ શખ્સો સામે આ મામલે તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. એકાદ મહીના પહેલા મહેશ ગાંડુ વકાતર, ગાંડુ વકાતર સાથે મિત્ર સતિષ ગમારાની સાથે મહેશભાઈને ઉઠક બેઠક હોય જેનો ખાર રાખી મહેશ વકાતરને સતીષ ગમારા સાથે અગાઉની અદાવત હોય જેના લીધે મહેશ ગાંડુ વકાતર તથા ગાંડુ વકાતરે ઝઘડો કર્યો હતો. ૧૮/૧૧ના રોજ મહેશભાઈ મેઘાણી પોતાનું વાહન લઈને સરદાર ચોકથી પસાર થતા હતા ત્યારે એક એકટીવાના ચાલકે ઠોકર મારી મહેશભાઈને પછાડી દીધા હતા અને પાઈપ અને ધારીયા વડે હુમલો કરી પગ ભાગી નાખ્યા હતા. આ લોકો બોલતા હતા કે અમોને કહીને મોકલ્યા છે કે તને મારી જ નાખવો છે કહી ધમકી આપી છે. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ વાયરલ થયા હતા.

ત્રણ શખ્સો હોન્ડા અને એક્ટિવા પર આવ્યા હતા. ટોળું ભેગું થઈ જતા આરોપીઓ હોન્ડા ઘટનાસ્થળે મૂકીને જ ભાગી ગયા હતા. પોલીસે નંબર પ્લેટ વિનાનું આ હોન્ડા કોનું છે તેની તપાસ કરતા તે ગેલા વકાતરનું હોવાનું ખુલ્યું હતું. પૂછપરછ કરતા તે હોન્ડા ગેલાનો પુત્ર શનિ લઈ ગયાનું જાણવા મળતા પોલીસે શની ભરવાડની ધરપકડ કરી તાલુકા પોલીસ મથકના પી.આઈ ડી.એમ.હરીપરા સહિતના સ્ટાફે તપાસ કરી સંત કબીર રોડ વિસ્તારમાં રહેતા અજિત જાદવ સાનિયા(ઉ.વ.૧૯), પ્રિન્સ મુળુ જાદવ(ઉ.વ.૧૮) અને શનિ ગેલા વકાતર(ઉ.વ.૨૭)ની ધરપકડ કરી હતી. મહેશ વલ્લભભાઈ મેઘાણી ઉપર હુમલો થયો ત્યારે અગાઉ ઝઘડો થયો હોય તેનો ખાર રાખીને વળતો હુમલો કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તબ્બકે જાણવા મળ્યા બાદ પી.આઈ ડી.એમ.હરિપરાએ પૂછપરછ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

સરપંચ મયુર શીગાળાની હત્યામાં



સંડોવાયેલ અને હાલ જામીન ઉપર છુટેલા નામચીન મહેશ વકાતરે મોટામવા સહિતના આસપાસના વિસ્તારમાં પોતાનું ફરી વર્ચસ્વ જમાવવા માટે અજિત જાદવ સાનિયા, પ્રિન્સ મુળુ જાદવ અને શનિ ગેલા વકાતરને અઢી લાખની સોપારી આપવામાં આવી હતી.તાલુકા પોલીસે કુલ ચાર આરોપી સામે કાવતરાની કલમનો ઉમેરો કરવા કોર્ટમાં રિપોર્ટ કર્યો અને મહેશ વકાતર અને સોપારી લેનાર ત્રણેયને જયારે કોર્ટમાં રજૂ કરાયા ત્યારે આ ટોળકીએ પોલીને દબાવવા માટે પી.આઈ ડી.એમ.હરિપરા અને પોલીસમેન મહેશ મંઢ દ્વારા તેમને માર માર્યાનો આક્ષેપ કરતી અરજી પણ કરી છે. મયૂર શિંગાળા હત્યા કેસમાં જામીન ઉપર છુટેલા અને સોપારી આપનાર મહેશ વકાતર અંગે પૂછપરછ કરતા જાણવા મળ્યું કે, મહેશ વકાતરે મોટામવા વિસ્તારમાં ફરીથી ધાક જમાવવા માટે કાવતરું રચી અજિત જાદવ સાનિયા, પ્રિન્સ મુળુ જાદવ અને શનિ ગેલા વકાતરને અઢી લાખ રૂપિયાનું દેણું ભરવાની ખાતરી આપી હતી. બદલામાં મહેશ મેઘાણીના હાથ પગ ભાંગી નાખવાનો સોદો થયો હતો.

# નિર્મલા રોડ પર પારસ સોસાયટીમાં સોની વેપારીના પુત્રનો આપઘાત

## છ માસ પૂર્વે ઓસ્ટ્રેલિયાથી ઘરે આવેલો યુવાન ઓપરેશન કરાવી પરત વિદેશ જાય તે પૂર્વે જ સર્જાઈ કરૂણાંતિકા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નિર્મલા રોડ પર આવેલી પારસ સોસાયટીમાં સોની વેપારીના પુત્રએ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતા પરીવારમાં અરેરાટી મચી ગઈ છે. મૃતક ઓસ્ટ્રેલીયામાં આવેલી કંપનીમાં કામ કરતો હતો ત્યારે તેમને પગમાં વાગી જતા તેનુ ઓપરેશન કરાવવા રાજકોટ આવ્યો હતો અને અહીંયા ઓપરેશન કરાવ્યા બાદ સારુ ન થતા ડીપ્રેશનમાં આવી તેમણે આ ગંભીર પગલુ ભરી લીધુ હતુ. પુત્રના મૃત્યુથી પરિવાર ગમગીન બની ગયો છે. મળતી વિગતો મુજબ નિર્મલા રોડ પર આવેલી પારસ સોસાયટી શેરી નં ૧ માં રહેતા ચિરાગ કૌશિકભાઈ માંડલીયા નામના



૩૨ વર્ષના યુવાને ગઈકાલે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોક છવાઈ ગયો છે. આ મામલે ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલે રવિભાઈએ કાગળો કર્યા હતા અને મૃતદેહનુ સિવિલ હોસ્પિટલમાં પીએમ કરવામાં આવ્યુ હતુ. પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યુ હતુ કે ચિરાગ ઓસ્ટ્રેલીયામાં આવેલી એક કંપનીમાં નોકરી કરતો હતો. તેમને પગમાં કાંઈક વાગી જતા તેનુ ઓપરેશન કરાવવા છ મહીના પહેલા રાજકોટ પોતાના ઘરે આવ્યો હતો.

અહીંયા હોસ્પિટલમાં સારવાર કરાવ્યા બાદ તેમને ઓસ્ટ્રેલીયા જવાનો સમય થઈ ગયો હતો. પરંતુ તેમના પગે સારૂ ન થતા પોતે ડિપ્રેશનમાં ચાલી ગયો હતો અને ગઈકાલે આ પગલુ ભરી લીધુ હતુ. મૃતક એક ભાઈ એક બહેનમાં નાનો હતો. તેમના પિતા સોની વેપારી છે. પુત્રના મૃત્યુથી પરિવારમાં શોક છવાઈ ગયો છે.

# યાજ્ઞિક રોડ પર દુકાને માલ આપવા ગયેલા કાપડના વેપારીનું બેભાન થઈ જતા મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

યાજ્ઞિક રોડ પર ટેઈલરની દુકાને માલ આપવા ગયેલા કાપડના વેપારીને હ્રદય રોગનો હુમલો આવી જતા તેમનું મૃત્યુ નીપજ્યુ હતુ આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. જાણવા મળતી વિગતો મુજબ પેલેસ રોડ પર આવેલા જયરાજ પ્લોટ શેરી નં.૮માં રહેતા અને વોરાવાડામાં નરેન્દ્ર એન્ડ કંપની નામની કાપડની દુકાન ધરાવતા વેપારી દિનેશભાઈ નરેશભાઈ બાવીસી (ઉ.વ.૪૯) નામના આધેડે આજે સવારે યાજ્ઞિક રોડ પર રામકૃષ્ણ આશ્રમ સામે આવેલા ટર્મીનલ કોમ્પલેક્ષમા ટોપ ટેઈલર નામની દુકાને કાપડનો માલ આપવા ગયા હતા ત્યારે ત્યા દુકાનમાં જ બેભાન થઈ ઢળી પડતા તેમને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા પરંતુ તે સારવાર મળે તે પહેલા જ તેમનું



મોત નીપજ્યુ હતુ તબીબો દ્વારા હાર્ટ એટેકથી મોત થયાનું જણાવ્યુ હતુ. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્રનગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક વેપારી બે ભાઈ એક બહેનમાં નાના અને અપરિણીત હતા તથા તેમના નાનાભાઈ સાથે રહેતા હતા. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.


# સાત વેપારીઓએ ઊંચા વળતરની લાલચમાં ગુમાવ્યા રૂા.૩૧ લાખ

રાજકોટમાં અયોધ્યા ચોક પાસે રહેતા ફર્નિચરના વેપારી અને તેમના ૬ મિત્રોને મની પ્લાન્ટ ઇન્વેસ્ટમેન્ટ નામની પેઢીના સંચાલકે પૈસાનું રોકાણ કરવાનું કહી માસીક ૧૦ થી ૧૫ ટકા વળતર આપવાની લાલચ આપીને કુલ ૩૧ લાખ રૂપિયા પડાવી છેતરપિડી કરતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. વિગત મુજબ રાજકોટમાં અયોધ્યા ચોકમાં ઓસ્કાર સ્કાય પાર્ક બી-૧૦૩માં રહેતા અને ફર્નિચરનો વેપાર કરતાં રાકેશભાઈ ચંદુભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ રોઝરી સ્કુલની બાજુમાં સોમનાથ સોસાયટી-૧માં રહેતા અને અયોધ્યા ચોક પાસે રન્વે હાઈટસ બીલ્ડીંગ ઓફીસ નંબર-૮૧૩માં મની પ્લાન્ટ ઈન્વેસ્ટમેન્ટ નામની પેઢી ચલાવતા નીરવ મહેશભાઈ મહેતાનું નામ આપતા જણાવ્યું હતું કે,વર્ષ ૨૦૨૩ના ઓગસ્ટ માસમાં તેમના મિત્રએ મની પ્લાન્ટ ઈન્વેસ્ટમેન્ટ નામની પેઢી રોકાણ કરવાની વાત કરી હત. જેથી તેઓ આ પેઢીના સંચાલક નિરવ મહેશભાઈ મહેતા મળવા ગયા હતા.ત્યારે નિરવે પૈસાના રોકાણ સામે માસીક ૧૦ થી ૧૫ ટકા વળતર આપવાની લાલચ આપી હતી.જેથી વેપારીએ નીરવને અલગ અલગ બેંક એકાઉન્ટ માંથી ૮.૫૦ લાખ આપીને રોકાણ કર્યું હતું.શરૂઆતમાં નિરવે વળતર આપ્યું હતું. બાદમાં તે વળતર ન આપી અલગ અલગ બહાના આપતો હતો.અને રાતોરાત ઓફિસ બંધ કરીને ભાગી ગયો હતી. આ મામલે વેપારીએ તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે, આ નીરવની મની પ્લાન્ટ ઈન્વેસ્ટમેન્ટ નામની પેઢી તેઓના મિત્ર જીગ્રેશ ચોહાણએ ૭.૫૦ લાખ, સંજય પંડયાએ ૨ લાખ, મિલન માંડલીયાએ ૨ લાખ,હેમલ ઘોડાસરાએ ૨ લાખ, નીલેશ તલરેજાએ ૮ લાખ અને ગુરૂમુખભાઈ ચીમનાણીએ ૧ લાખ આમ મળી વેપારી સહીત કુલ સાત લોકોને નિરવે ૩૧ લાખનું તેની મની પ્લાન્ટ ઈન્વેસ્ટમેન્ટ નામની પેઢીમાં રોકાણ કરાવી માસિક ૧૦ થી ૧૫ ટકા વળતર આપવાની લાલચ આપી પૈસાની બુચ મારી ભાગી જતાં ગાંધીગ્રામ પોલીસના પીએસઆઈ એ.એસ.મકરાણીએ ગુનો નોંધી નીરવની શોધખોળ કરી છે.

# ૧૬૦ ઈ-મેમો નહીં ભરનાર ૨૨ વાહન ચાલકોના લાયસન્સ થશે સસ્પેન્ડ

ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકોને કેમેરા મારફતે ઈ-ચલણ ફટકારવામાં આવે છે. જો કે આ ઈ-ચલણને ચાલકો માત્ર કાગળનો ડૂચો ગણીને તેને ગણકારી રહ્યા ન હોવાને કારણે હવે પોલીસ તેમજ આરટીઓ તંત્રએ લાલ આંખ કરી છે. આવા ૨૨ વાહન ચાલકો કે જેમના નામે ૧૬૦ ઈ-મેમો બાકી બોલી રહ્યા છે તેમના લાયસન્સ સસ્પેન્ડ કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. ટ્રાફિક પોલીસ દ્વારા આરટીઓને ચારથી વધુ ઈ-મેમો ફટકારાયા હોય તેવા વાહન માલિક અને વાહન ચાલકના લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે ૬૯૦ ચાલકોની યાદી સોંપવામાં આવી હતી. જો કે ૨૨ ચાલકો એવા છે જેમના નામે એકથી વધુ ઈ-મેમો બાકી હોય તેમને ૧૦ દિવસમાં રૂબરૂ હાજર રહેવા નોટિસ ફટકારાઈ છે. જો ૧૦ દિવસ બાદ હાજર રહીને દંડની ભરપાઈ નહીં કરે તો એકતરફી નિર્ણય લઈને આ તમામના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. ટ્રાફિક પોલીસ દ્વારા ૨૦૨૨ અને ૨૦૨૩ના ઈ-ચલણ પૈકી એનસી કેસ પોલીસ દ્વારા ટ્રાફિક કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા હતા જેથી કોર્ટ દ્વારા આવા વાહન ડિટેઈન કરવા તેમજ ચાલકનું લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવા માટેનો આદેશ અપાયો હતો.

# રાજકોટના રિક્ષા ચાલકના પાલતું શ્વાનને માર મારનાર પડધરીના શખ્સ સામે નોંધતો ગુનો



રાજકોટના રિક્ષા ચાલકે પડધરી પોલીસ મથકમાં પોતાના પાલતુ શ્વાનને માર મારવા અંગે પડધરીના શખસ સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના નાનામવા સર્કલ પાસે આવેલ સરકારી આવાસમાં રહેતા મૂળ વિસામણના રિક્ષા ચાલક મનોજભાઈ માવજીભાઈ વણોલે પડધરી પોલીસમાં મોહન કાનાભાઈ ડાંગરનું નામ આપી ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા મુજબ મનોજભાઈએ રાજકોટ ખાતે એક કુતરુ પાડેલ અને તે કુતરુ એક મહીના પહેલા વિસામણ ગામે રહેતા મોહનભાઈ કાનાભાઈ ડાંગર અહીંથી જુના વણકર વાસમા રામદેવપીરના મંદીર પાસે લઈ ગયેલ અને તે રાહુલ નાગજીભાઈ ડાંગરને ત્યા સાચવવા મુક્યું હોય અને ગત તા ૨૦/૧૧/૨૦૨૪ ના બપોરના ત્રણેક વાગ્યે આ રાહુલનો મનોજભાઈ ઉપર ફોન આવેલ અને જણાવ્યું હતું કે, તમે મને જે કુતરુ સાચવવા આપ્યું હતું તેને મોહને બાંધી ધોકા વડે માર મારેલ છે અને તે વિડીયો મારી પાસે છે તેમ કહી તે વિડીયો મનોજભાઈને મોકલેલ જેથી મનોજભાઈએ પોલીસમા આ બાબતે અરજી કરી હતી કુતરાને મોઢામા તથા શરીરે મુઢ ઈજાઓ હોય મોહનભાઈ કાનાભાઈ ડાંગર સામે પડધરી પોલીસમાં ફરિયાદ કરતાં પશુ પ્રત્યે ઘાતકી પણાની કલમ હેઠળ ગુનો નોંધી પડધરી પોલીસે કાર્યવાહી કરી હતી.

# માલીયાસણ ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયાઃ રૂા.૧.૯૦ લાખની ચોરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કુવાડવા રોડ પર આવેલા માલીયાસણ ગામમાં ૧૦ દિવસ બંધ રહેલા મકાનમાંથી તસ્કરોએ રોકડ અને દાગીના સહીત રૂ.૧.૯૦ લાખ મતાની ચોરી કર્યાની પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે. આ ઘટનામાં કુવાડવા પોલીસ સ્ટાફે તસ્કરને પકડવા તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ માલીયાસણના રાધાનગરમાં રહેતા અને એમબીએનો અભ્યાસ કરતા નરેશ પરસોતમભાઈ સાગઠીયા નામના યુવાને પોતાની ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેઓના પિતા એક મહીનાથી ગામડે ખેતી કામ કરવા માટે ગયા હતા. જેથી છેલ્લા એક મહીનાથી ઘરે પોતે અને તેમના માતા રહેતા હતા અને ગઈ તા. ૧૦-૧૧ ના રોજ નરેશ અને તેમના માતા ભાવનાબેન તેમના ઘરને તાળુ મારી અમદાવાદ રહેતા બહેનને ત્યા રોકાવા માટે ગયા હતા. તેમજ ઘરનુ ધ્યાન રાખવા અને ઘરની બહાર રહેલા છોડને પાણી પાવા માટે મામી સવિતાબેન ચાવડાને જાણ કરી



હતી.ત્યારબાદ ૨૧-૧૧ ના રોજ નરેશભાઈ અમદાવાદ હતા ત્યારે મામી સવિતાબેનનો ફોન આવ્યો હતો અને તેમના ઘરના તાળા તુટેલી હાલતમાં હતા અને દરવાજો ખુલ્લો પડયો હતો. તેમજ ઘરની અંદરનો સામાન વેર વિખેર હાલતમાં હોવાનુ જાણવા મળ્યુ હતુ. ત્યારબાદ તેઓ તુરંત રાજકોટ આવી પહોંચ્યા હતા અને પોતાના ઘરે જઈ તપાસ કરતા અલગ અલગ સોના - ચાંદીના દાગીના અને રોકડા રૂ. ૮૦ હજાર મળી કુલ રૂ. ૧.૯૦ લાખની ચોરી થયાનુ જાણવા મળ્યુ હતુ. આ મામલે કુવાડવા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા એએસઆઈ ચાવડા સહિતના સ્ટાફે તપાસ શરૂ કરી છે.

# ઈમિટેશનના ધંધાર્થીનું બોગસ આઈ.ડી. બનાવી શખ્સે ગર્લફ્રેન્ડ સાથેના ફોટા વાયરલ કર્યા

## સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરીઃ પરિચિત હોવાની શંકા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર રહેતાં ઈમિટેશનના ધંધાર્થી યુવાનના નામે ઈન્સ્ટાગ્રામમાં કોઈએ ફેક આઈડી બનાવી તેની ગર્લફ્રેન્ડ સાથેનો તેનો ફોટો પોસ્ટ કરી બિભત્સ શબ્દો લખી સંબંધીઓને મોકલી દેતાં આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે.

આ મામલે સાયબર ક્રાઈમ પોલીસે કોઠારીયા રોડ ન્યુ સાગર સોસાયટી- જમાં રહેતાં અને ઈમિટેશનનું કામ કરી ગુજરાન ચલાવતાં ઈમરાનભાઈ યુનુસભાઈ ધાનાણી (ઉ.વ.૩૪)ની ફરિયાદ પરથી ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ ફેક આઈડી બનાવનાર વ્યક્તિ તથા તપાસમાં ખુલે તેની સામે આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.ઈમરાને પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, પોતે સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર ઈન્સ્ટાગ્રામ, ફેસબૂકનો ઉપયોગ કરે છે. જુન-૨૦૨૪માં માસીના દિકરાએ ફોન કરી જણાવેલુ કે તેમની ઈન્સ્ટાગ્રામ આઈડી પર અજાણી ઈરફાનઈરફાન-૦૦૦૦ આઈડી પરથી રિકવેસ્ટ આવી છે.જે આઈડીમાં ઈમરાન અને તેની ગર્લફ્રેન્ડનો ફોટો હતો.જેથી રિકવેસ્ટ એક્સેપ્ટ કરી જોતાં આ ફોટો પોસ્ટ કરી તેમાં બિભત્સ શબ્દો લખ્યા હતા.

માસીના દિકરાએ આ વાત કરતાં ઈમરાને ઈન્સ્ટાગ્રામમાં ચેક કરતાં કોઈ અજાણ્યાએ ફેક આઈડી બનાવી તેની પ્રોફાઈલમાં ફરિયાદીની જાણ બહાર મંજુરી વગર ઈમરાન અને તેની ગર્લફ્રેન્ડનો ફોટો મુકી દીધાનું જણાયું હતું.આ પોસ્ટ પણ ફોરવર્ડ કરી હતી.જેમાં ઈમરાન વિશે ખરાબ



શબ્દ લખેલા હતાં.એ પછી કાકાના દિકરાએ ફેક આઈડીમાં વાત કરી હતી.આ શખ્સે ઈમરાનના નામે આઈડી બનાવી ફોટા તથા બિભત્સ શબ્દોમાં મેસેજ સંબંધીને મોકલી હેરાન કરતો હોઈ જેથી ઈમરાનભાઈએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફોન કર્યા બાદ ફરિયાદ નોંધાવી છે. આ મામલે સાયબર ક્રાઈમના પ્રો.પીઆઈ કે.એસ. દેસાઈએ ગુનો દાખલ કરાવી તપાસ હાથ ધરી છે.